આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા મજબૂત કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/- • Publication 2nd of Every Month


# ઘરશાળા

સ્થાપના : ૧૯૨૪

વર્ષ : ૮૪ • અંક : ૬

સળંગ અંક : ૧૦૦૬

સપ્ટેમ્બર-૨૦૨૪



'એક ટકા અધિકાર વગર સો ટકા જવાબદારીવાળી પદવી આજે કોઈ ધરાવતું હોય તો તે શિક્ષક છે.'

- ગુણવંત શાહ

સરસ્વતી વિદ્યામંડળ ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ સરસપુરમાં ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી. સારસ્વત શ્રી ડો. ભાવેશભાઈ ઠક્કર (સ્ટાર હોસ્પિટલ, બાપુનગર - અનંતા હોસ્પિટલ, નિકોલ) મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા. તેમના વરદ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો. તેઓશ્રીએ આ પ્રસંગ નિમિત્તે પ્રેરણાદાયક પ્રવચન આપ્યું. પૂ. શ્રી રઘુભાઈના જન્મદિવસ નિમિત્તે જે. એન. બાલિકા વિદ્યાલયની વિદ્યાર્થિનીએ શબ્દરૂપી ભાવાંજલિ અર્પણ કરી. તમામ વિભાગના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા.













# ઘરશાળા

વર્ષ : ૮૪

સળંગ અંક : ૧૦૦૬ સપ્ટેમ્બર-૨૦૨૪

| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| સહતંત્રી : | અશોકભાઈ સોમપુરા |
| વ્યવસ્થા અને સંકલન : | કે. ડી. પટેલ |
| પરામર્શ : | અમિતાબહેન પાલખીવાલા |


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

-: ઘરશાળા કાર્યાલય સરનામું :-

સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮

ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩

## અનુક્રમ

| | |
|---|---|
| ઊંચ નહીં કોઈ નીચ નહીં | શ્રી ગુણવંતભાઈ શાહ/૪ |
| સંપાદકીય - ॥ तस्मै श्री गुरुवे नमः ॥ | અશોક સોમપુરા/૫ |
| આપણા શિક્ષક શ્રી ગોપલાણી સાહેબ | જ્યોતીન્દ્રભાઈ દવે/૭ |
| આ બાજરો કોણે વાવ્યો? | પાલખીવાલા અમિતાબેન/૮ |
| વર્ગ - જેમને સ્વર્ગ | ઈશ્વર પરમાર/૧૩ |
| બાળકોમાં સુટેવોનું આરોપણ | ઈશ્વર વાઘેલા/૨૧ |
| શિક્ષણ જગતમાં પંકાયેલા અને પોંખાયેલા આદર્શ શિક્ષક શ્રી વિઠ્ઠલભાઈ ઓઝા | અશોક સોમપુરા/૨૩ |
| આખ્યાનનું હાર્દ | ઈશ્વર પેટલીકર/૨૬ |
| સખી માર્કંડી | કાકાસાહેબ કાલેલકરનું જીવન કાવ્ય/૨૮ |
| શિક્ષકને શ્રદ્ધાંજલિ | હીરાલાલ એન. છોડવડીયા/૨૯ |
| ફરિયાદ કોની સામે? | પ્રવીણ દરજી/૩૦ |
| અભિમાની હાથી | અર્જુનસિંહ કે. રાઉલજી/૩૨ |
| ભારતના યુવાનોમાં ડિપ્રેશન-ગંભીર સમસ્યા | ડૉ. દર્શક કે. પરમાર/૩૪ |
| રાજુની વીરપસલી | ડૉ. પ્રવીણ મકવાણા 'ગાફેલ'/૩૮ |
| વિદ્યાર્થી આલમ | વ્હોરા ઉઝમા/૩૯ |
| શિક્ષણ સમાચાર | - અશોક સોમપુરા/૪૦ |


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | પરદેશ |
|---|---|---|
| વાર્ષિક | ₹ ૨૦૦ | ₹ ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ ૫૦૦ | ₹ ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ ૮૫૦ | ₹ ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઓફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

# ઊંચ નહીં કોઈ નીચ નહીં



જગતપિતાની વિશ્વવાડી આ
માનવપુષ્પે ખીલી રહી;
માનવમાત્ર પ્રભુનાં બાળક,
ઊંચ નહીં કોઈ નીચ નહીં - ઊંચ નહીં.

યમુનાતટ પર સૂર્ય પ્રકાશે
પ્રકાશતો અંત્ય જ ઘર જઈ,
મેઘ વરસતો એક જ સરખો
વાડી કે વેરાન મહીં. - ઊંચ નહીં.

વાયુ સઘળે સરખો વાતો
સૂર્ય-કિરણમાં ભેદ નહીં,
એક જ પ્રભુની જ્યોત જગતમાં
વિવિધ રૂપે જલી રહી. - ઊંચ નહીં.

સંસ્કાર વિનાના વ્યર્થ જીવનમાં
સેવા વિણ સંસ્કાર નહીં;
કર્મ થકી જન મહાન બને છે,
જન્મ થકી કોઈ મહાન નહીં. - ઊંચ નહીં.

''સત્યવાદી હરિશચંદ્ર'' ફિલ્મમાંથી

**આભાર સહ શ્રી ગુણવંતભાઈ શાહ ('ગાંધીના ચશ્મા' પુસ્તક)**

# સંપાદકીય

**અશોક સોમપુરા**

**॥ तस्मै श्री गुरुवे नमः ॥**

**गुरुब्रह्मा गुरु विष्णु, गुरुदेवो महेश्वर। गुरु साक्षात परब्रह्म तस्मै श्री गुरुवे नमः ॥**

ભારતીય સંસ્કૃતિના પાયામાં ગુરુનું મહત્ત્વ રહેલું છે. સંસ્કૃતિ દર્શાવતી દરેક બાબત અને ઘટનામાં ઋષિ-મુનિઓ અને ગુરુઓનું યોગદાન ખૂબ મોટા પાયે રહેલું છે. જ્ઞાનનો યોગ્ય રીતે પ્રસાર ગુરુના માર્ગદર્શન વિના મુશ્કેલ બને છે.

**ગુરુ એટલે કોણ?**

જ્ઞાનમાં ઉત્તમ, આચરણમાં ચોક્કસ, વ્યવહારમાં વરિષ્ઠ, ધર્મના દરેક પાસાંને સમજપૂર્વક જાણનાર, નીતિવાન, પરહિત કરવામાં સદા મોખરે, સત્યના સદાય આગ્રહી, સમગ્ર સમાજ અને શિષ્યનું હંમેશાં હિત ઈચ્છનાર, આવનાર પેઢી માટે પ્રેરકબળ આપનાર, ઉત્તમ આદર્શોની માવજત કરનાર જ ગુરુ અને ઋષિ મુનિનું પદ પ્રાપ્ત કરી શકે છે.

ગુરુ એ ભારતીય સંસ્કૃતિના પ્રાણ, સનાતન ધર્મના ચાહક, ઉત્તમ વ્યાખ્યાતા, મહાદાર્શનિક, સારા ઉપદેશક અને તત્ત્વદ્રષ્ટા છે. આવા ગુરુના માર્ગદર્શનથી સમાજની અયોગ્ય ઘટનાઓ મંદ પડે છે પછી તેની સકારાત્મક અસરને લીધે બંધ પણ પડે છે. આથી જ સમાજને દરેક કાળે સારા ગુરુની આવશ્યક્તા રહેવાની જ.

આપણાં મનમાં ઉત્તમ વિચારોની સ્થાપના કરવાવાળા ગુરુ છે. તુલસીદાસે પણ રામાયણનો પ્રારંભ ગુરુ વંદનાથી જ કર્યો હતો.

''બંદો ગુરુપદ પરમ પરાગા, સુરુચિ સુવાસ
સરસ અનુરાગા, અમી અમુરી મય
ચુરનચારુ શમન સકલ ભવરૂજ પરિવારુ

એનો અર્થ એવો થાય છે કે ગુરુના ચરણની રજ એ ચારેય પુરુષાર્થો સિદ્ધ કરવાવાળી છે. ગુરુની ચરણરજ જ્યારે સાધકને સ્પર્શે છે ત્યારે તેનું જીવન બદલાય જાય છે.

એથી જ કહેવાયું છે કે જે યોગ્ય હોય તેવા ગુરુને ॥ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ॥ હું નમન કરું છું.

શ્રી રંગઅવધૂત મહારાજના મત અનુસાર સદ્‌ગુરુનો અર્થ જીવંત આદર્શ છે. તે સંસારની માયાથી દૂર છે. તેમના સહકારથી માણસ શાંતિ, સલામતી અને જીવન માટેની હૂંફ મેળવે છે. આવા સદ્‌ગુરુ એ સૌના માટે કલ્યાણકારી છે.

દરેક યુગમાં ઋષિ-મુનિઓની વિચારધારામાં તફાવત રહ્યા છે. વશિષ્ટ અને વિશ્વામિત્ર ઋષિના સમયમાં વિચારો અલગ હતા. એ સમયમાં જ સાંદિપની ઋષિ થઈ ગયા. તેઓ પોતાને યોગ્ય લાગે તેવી વિચારાધારાને વળગી રહ્યા અને સમાજના દરેક સ્તરના લોકોને શિક્ષણ આપ્યું. તેમાં કૃષ્ણનો અને ગરીબ સુદામાનો પણ સમાવેશ થતો હતો.

યુગો બદલાયા. પરિવર્તન આવ્યું. ત્યારપછી ગુરુઓ રાજ્યાશ્રિત થયા અને તેમને પોતાના સિદ્ધાંતો કે વિચારધારાની સાથે સમાધાન કરવું પડ્યું. આવા યુગમાં આપણને આચાર્ય દ્રોણ અને કૃપાચાર્ય જેવા ગુરુઓ મળ્યા. જે રાજ્યાશ્રિત હતા.

હવે આજનો યુગ એ અત્યંત આધુનિક યુગ છે. આજે આપણને સારા માર્ગદર્શક, પ્રેરક હિતકારી ગુરુની જરૂર છે. જે માત્ર આપણને શિક્ષકના વ્યક્તિત્વમાંથી જ મળી શકે એમ છે. હવેના સમય મુજબ શિક્ષકની રહેણી-કરણી કે તેમનાં અંગત જીવન પર વિચાર કરવાની જરૂર નથી. આજે સારા અને સાચા શિક્ષકો, જેમનામાં શિક્ષકત્વનું પાસું મજબૂત હોય એવા આપણને બહુ જવલ્લેજ જોવા મળે છે. સમાજને શિક્ષક પાસે બહુ મોટી આશા છે. આથી શિક્ષકે આટલું તો કરવું જ રહ્યું.

- પોતાના વ્યક્તિત્વમાં શિક્ષકત્વનું જોમ પ્રગટાવવું.
- શિક્ષણના દરેક કાર્યમાં માત્ર વિદ્યાર્થીના હિતને જ નજર સમક્ષ રાખવું.
- શિક્ષકે તટસ્થભાવે વિદ્યાર્થી અને શિક્ષણને જ મહત્ત્વ આપવું.

**શિક્ષકદિન નિમિત્તે સૌ શિક્ષકો દ્વારા આ સંકલ્પ લઈ તેને આચરણમાં મૂકાય તો?**

- બધા જ્ઞાન આપનાર શિક્ષક કહેવાય પણ ક્યાંક ગુરુ નથી કહેવાતા. ગુરુ એ કહેવાય કે જે જ્ઞાન સાથે જીવનદૃષ્ટિ આપે.
- આચાર-વિચારની સાચી દિશા આપે, વિવેકબુદ્ધિ આપે. આગળ વધવાની સમજણ અને જીવનને કેમ આનંદિત કરવું તેનું ડહાપણ આપે, તે ગુરુ.
- વિદ્યાર્થીના ભીતર પડેલા તેજને ઢંઢોળી એની શક્તિઓનો અહેસાસ કરાવે તે સાચો ગુરુ.
- અનુભૂતિને વિસ્તારે કે મૌન સંવાદમાં શાંતિ અને ચૈતન્યનો અહેસાસ કરાવે તે સાચો ગુરુ.

(જય વસાવડા)

શિક્ષકદિન નિમિત્તે સૌ શિક્ષકોમાં આવા ઉત્તમ ગુણ વિકસો અને વિસ્તરો એ જ ઈચ્છવા જોગ. આથી આવા ઉત્તમ શિક્ષક ગુરુને ભાવપૂર્વક કહેવાનું જરૂર મન થાય કે

**॥ तस्मै श्री गुरुवे नमः ॥**

# આપણા શિક્ષક શ્રી ગોપલાણી સાહેબ

- જ્યોતીન્દ્રભાઈ દવે

સદાય હસતો નિર્મળ ચહેરો, સ્નેહ નીતરતી આંખો, યુરોપિયન જેવો વાન, નેપોલિયનની યાદ અપાવે એવું વિશાળ કપાળ, અજાતશત્રુ કહી શકાય તેવું વ્યક્તિત્વ. પહેરવેશ કાયમ એકસરખો. ખાદીનું પેન્ટ અને એ જ કાપડ અને કલરનો અડધી બાયનો ચાર ખિસ્સાવાળો કોટ. નીચેના બે ખિસ્સામાં એકમાં ચોક અને બીજામાં ડસ્ટર. આવા નખશિખ શિક્ષક એટલે અમારા શિક્ષકશ્રી સુજ્ઞોમલ ગોપલાણી.

અનાયાસે સરસ્વતી વિદ્યાલયને મળેલા ઋષિ તુલ્ય શિક્ષકનો ઈતિહાસ પણ રોમાંચક છે. ભારતના ભાગલા પહેલાં આપ સિંધ હૈદરાબાદ પાસેના ગામમાં આચાર્ય હતા. ગ્રેજ્યુએટ ઉપરાંત મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.ટી.ની ડિગ્રી મેળવી હતી. જીવનમાં શિક્ષક જ થવું છે, તેવા ધ્યેયથી કાર્યરત શ્રી ગોપલાણી સાહેબ ભારત-પાકિસ્તાનના ભાગલાના કારણે ૧૯૪૭માં અમદાવાદ આવ્યા. સિંધી બાળકો જે પાકિસ્તાનથી આવ્યા હતા તેમનાં શિક્ષણની ચિંતા ગોપલાણી સાહેબની હતી. મુરબ્બી શ્રી રઘુભાઈ પણ આ નિરાશ્રીત બાળકોનાં શિક્ષણ અંગે ચિંતિત હતા અને અનાયાસે સમાન નિસ્બત ધરાવતા બે શિક્ષકો મળ્યા. સિંધી બાળકોનાં શિક્ષણની કામચલાઉ વ્યવસ્થા અનેક અગવડો વચ્ચે સરસ્વતી વિદ્યાલયમાં કરવામાં આવી અને ગોપલાણી સાહેબ કાયમી ધોરણે સરસ્વતીને મળ્યા.

વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજીના એક ઉત્તમ શિક્ષક પાસેથી શિક્ષણ મેળવવાનું અમને ગૌરવ છે. સિંધી ભાષા હોવા છતાં તેમના વિષય શિક્ષણમાં ભાષા ક્યારેય બાધારૂપ બની ન હતી તે અમારો અંગત અનુભવ છે. વિષયવસ્તુની સમજ અને વિદ્યાર્થી સુધી પહોંચાડવાની હથોટી અદ્‌ભુત હતી. પિરિયડ પૂરો થયા પછી પણ અમે ગોપલાની સાહેબને વિનંતી કરીએ કે ચાલુ રાખો, આ શિક્ષકની સફળતાનું માપદંડ છે.

ખૂબ જ સરળ અને પ્રેમાળ સ્વભાવ હોવાથી આચાર્ય થયા પછી પણ અમે રિસેસમાં સંતાકૂકડી રમતા હોઈએ તો તેમની ઑફિસમાં હકપૂર્વક સંતાઈ જવાની સ્મૃતિ હજુ આજે પણ છે. અને તેમનો અવાજ ''અરે ભાઈ આ શું કરો છો!'' કાનમાં ગુંજે છે.

સંસ્થા સાથેનો તેમનો સંબંધ આજીવન રહ્યો. શિક્ષક થયા, આચાર્ય થયા, ટ્રસ્ટી મંડળમાં જોડાયા. સમગ્ર કાળ દરમિયાન તેમનું કુટુંબ સાથેનું નિવાસસ્થાન સરસ્વતી વિદ્યામંડળમાં જ રહ્યું. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડથી સન્માનિત થયા પણ તેમનું વ્યક્તિત્વ એ વર્ષો પર્યંત જાળવી શક્યા.

(અનુસંધાન પૃષ્ઠ ૨૫ ઉપર)

# આ બાજરો કોણે વાવ્યો?

**- પાલખીવાલા અમિતાબેન**

ભારતમાં ગ્રામ્ય વિસ્તારમાં ઉછરેલા ઘણાં બધાંને સરાણિયા, વણઝારા, સલાટ, કોયતા, નટ વગેરે સમુદાયોના સમાજને ઉપયોગી હુન્નર-કૌશલ્ય યાદ હશે. જેમ કે ચપ્પા છરીની ધાર કરનાર વ્યક્તિ સરાણિયા (હોણિયા) કહેવાય, ભટકતું જીવન જીવતાં લોકોને વણઝારા કહેવાય. ઘંટીના પડ ઘેર ઘેર લઈને અનાજ દળવા આવતી વ્યક્તિ સલાટ કહેવાય. શેરડીના ખેતરમાં કામ કરનારા કામદારને કોયતા કહેવાય. જો કે આ બધા વિચરતી જાતિના લોકો છે. જ્યારે આદિકાળથી ગાઢ જંગલ કે દુર્ગમ પ્રદેશના અંતરિયાળ વિસ્તારમાં વસવાટ કરતાં લોકોને ભારતમાં આદિવાસી તરીકે ઓળખવામાં આવે છે અને વિશ્વફલક પર એમને મૂળ વસાહતીઓ તરીકે ઓળખવામાં આવે છે.

આજે કોઈને પણ કહીએ કે તમારા મનમાં જે ભાવ, લાગણી, ગમા, અણગમા, હેત, નારાજગી હોય એ વ્યક્ત કરો તો જે તે વ્યક્તિ કાં તો બોલીને અથવા લખીને વ્યક્ત કરશે. પણ આજથી અનેક સૈકા પહેલાં આ બધાં જ મનોવલણો ગાઈને વ્યક્ત કરવામાં આવતા. સાવ અભણ કહી શકાય તેવા આદિવાસી સમુદાયોના ગીતો કે જે કયાંય લખાયા નથી કે નથી તેનું કોઈ દસ્તાવેજીકરણ થયું. એમનું સાહિત્ય માત્ર મૌખિક જ રહ્યું અને પેઢી દર પેઢી તેનું હસ્તાંતરણ થતું રહ્યું. તેમના ગીતોની મૌલિકતા, સહજ, શબ્દ, સ્વર, લય વગેરે તેમની આંતરસૂઝ છતી કરે છે. આ પ્રજાનો સંગીત પ્રત્યેનો પ્રેમ અને જુસ્સો અનેરો છે. ગીત-સંગીત જ તેમના જીવનનો આત્મા છે. એટલું જ નહીં પણ આ આદિવાસીઓ રોજેરોજ ઉત્સવ હોય તેમ દરેક પરિસ્થિતિમાં નાચતાં-ગાતાં રહે છે.

ઉત્સવ હોય કે તહેવાર હોય, વ્યક્તિ હોય કે વિરક્તિ હોય, અધ્યાત્મ હોય કે આનંદ હોય, આક્રંદ હોય કે આક્રોશ હોય, વિવાદ હોય કે વિષાદ હોય, કથા હોય કે વ્યથા હોય, વર્ષા હોય કે નૌકા હોય, પળની વાત હોય કે પર્વતની હોય - દરેક પ્રસંગે આનંદ સ્વરૂપ ગાવાની એક અલગ છટા, એક અલગ મસ્તી, વાજિંત્રો અને માનવકંઠની અદ્‌ભુત લીલા આપણે ક્યારેય જોઈ સાંભળી નહીં હોય તેવી છે.

દરેક પ્રકારની લાગણીઓમાં તેમના ગીતોમાં રંગત છે. સરસ શબ્દોની સંગત છે, ગમ્મત છે અને રસીલી રમઝટ છે. તેમનો આનંદ તેમના નૃત્યો, તેમનો ઉલ્લાસ-આ બધું જોઈને તો થાય કે આ પૃથ્વી પટ પર સ્વયં પ્રકૃતિ સિવાય આટલો મુક્ત અને નિર્ભેળ આનંદ કોઈ અનુભવી શકતું હોય તો તે માત્ર આ વનવાસીઓ, આદિવાસીઓ જ છે. અતિશય ગરીબી, ભૂખમરો, ભિન્નતાઓ, ઝઘડાઓ, અસમાનતા, અનેક પ્રશ્નો, દરેકની બોલવાની ચાલવાની અલગ ઢબ - આ બધું સાહજિકમાં

ઓગાળી નાખવાની શક્તિ આ પ્રજા ક્યાંથી લાવતી હશે એ સમજી શકાય તેવું નથી. એટલું જ નહીં પણ એમના આનંદને લખીને વર્ણવવાનું સામર્થ્ય ભાષા પાસે પણ નથી. પણ એટલું નક્કી લાગે છે કે ગીતો જ એમના જીવનના જળપ્રવાહને મુક્ત કરીને બેરોકટોક ખળખળ વહેવા દે છે. ગીતો એમના માટે માત્ર શબ્દ જ નથી. પણ સ્વર છે. એમના ગીતો સોહામણા છે, રળિયામણા છે, લય માધુર્ય પામેલા છે, કર્ણપ્રિય છે અને એથી તો વધુ સમાજને મળેલું અભૂતપૂર્વ નજરાણું છે. તેમના ગીતોમાં પ્રકૃતિ પ્રત્યે અહોભાવ છે; સન્માન છે; ગીતોમાં પ્રેરણા છે અને પડકાર પણ છે. આહવાન પણ છે. ગીતોના જાદુથી તેમના નયન અંગ ફરકે છે.

તેમના ગીતોમાં માનવજીવનના સંઘર્ષ, યાતના, ગરીબી, શોષણ, વ્યાજખોરી, શાહુકારોની જોહુકમી, અપ્રમાણિકોની તાનાશાહી સહિત જનસામાન્યની પીડાના ગીતો તો છે જ. પણ સાથે તેમના ખજાનામાં આકાશે ઉમટેલા કાળા ડિબાંગ વાદળના, મેઘના છડીદાર મોરલાના, હૈયા ધડકાવતી વીજળીના, ફૂલોની સુગંધના, થરથરતા પાનનાં, આકાશના રંગોના, તારાજડિત આકાશના, ધરતીના રૂપના, વર્ષાના વધામણાંના, જપમાં ઊભેલા ઝાડના, તપસ્વીઓ જેવા અટલ ગિરિશૃંગોના, સપ્તરંગી સંધ્યાના, પક્ષીઓના આકાશી પ્રવાસના, દૈદિપ્યમાન દિશાઓના, નિઃશબ્દ ટેકરીઓના, નિર્જન વનોના, હરી હરી વસુંધરાના, અવિરામ વહી રહેલા નિર્મળ જળના, શાંત અરણ્યોના, પ્રભાતના કૂણા તડકાના, માટીમાંથી આવતી મૃદુ મહેંકના, શિશિરની ટાઢના, વાવણીના, હોળીના, કયા વૃક્ષનો કેવો ઉપયોગ, તેના ફળ અને પાનનો સ્વાદ કેવો છે, તેના વૈદકીય ગુણો શા છે, ઉપરાંત આર્થિક ઈતિહાસને વણી લેતા ગીતો કે સીતાજીને શોધવા નીકળેલા રામનું ગીત, તથા જળ, જમીન, જંગલ કે જન્મ, લગ્ન, મરણ જેવા પ્રસંગના પેઢીઓથી ગવાતા અધધધ કહી શકાય એટલા ગીતો છે આ સમુદાય પાસે. એમના ગીતો પર્વતોના ઢોળાવો પરથી ગૂંજતા સંભળાય. ખૂબ જ સાહજિકતાથી રસાળ છતાં સરળ શૈલીમાં ગવાતા એ ગીતો સાંભળતા જ અંદરથી અબીલ-ગુલાલ ઉડાડીને ધૂળેટી રમતા થઈ જઈએ એ નક્કી.

સમય અને સાગરની લહેરે ક્યારેય રાહ જોઈ નથી અને જોશે પણ નહીં. એ જ રીતે ગાયક-ગીતકાર-સંશોધક ચારૂલ ભરવાડા અને વિનય મહાજને ખંડિત ક્ષણોમાંથી નવા યુગનું મંડાણ કરવા અંધારામાં પણ ચાલવાની હિંમત રાખીને RRA (Ravitalising Rainfed Agriculture)ના સહકારથી રાજસ્થાન, ગુજરાત અને હિમાચલ પ્રદેશના આદિવાસી અને પહાડી લોકોના ગીતોના સમુદ્રમાં ડૂબકી લગાવીને તેમની સુંદર રચનાઓનું દસ્તાવેજીકરણ કરી લોકોને એક દૃષ્ટિ આપી છે. એમણે આ જે યજ્ઞનો આરંભ કર્યો એ એક અર્થમાં અશ્વમેઘ યજ્ઞ જ કહેવાય. કારણ કે એમણે એમના દૃષ્ટિરૂપી અશ્વને સમાજના ખૂણેખૂણામાં ફરતો છોડી દીધો. "Meeting Millets In Our Farm Songs" અંતર્ગત ૨૦૨૩માં નેહરૂ ફાઉન્ડેશન ખાતે યોજાયેલા ગીત-સંગીતના કાર્યક્રમના કેટલાંક અંશો અહીં આપવાનો મારો એક નમ્ર પ્રયાસ છે.

આદિવાસી લોકો પ્રકૃતિની સાથે જીવે છે, પ્રકૃતિની વચ્ચે જીવે છે. પ્રકૃતિ અને સંસ્કૃતિ સાથે સમન્વય સાધીને જીવતા જુદા જુદા વિસ્તારના આદિવાસીઓ પાસેથી આપણે પણ એટલી શીખ મેળવીએ કે આપણું જીવન પ્રકૃતિ પર નિર્ભર છે, તેને છેહ દીધે ચાલવાનું નથી. આજના જળ-વાયુ પરિવર્તનના સમયની એ માંગ છે. આ વિવિધ વિસ્તારના આદિવાસી-ઓના ગીતો, વાજિંત્રો, ગાવાની રીત વગેરે જુદા જુદા હોય છે. પણ આબુ, અંબાજી અને ઉદેપુરની વચ્ચેના કોટડા વિસ્તારમાં રહેતા ગરાસિયા અને ગમેતી ભીલના સમૂહનો ગાવાનો અંદાજ કંઈક જુદો જ છે. તેઓ બેસીને ગાય, ક્યારેક ગાતા ગાતા ધૂનમાં ઊભા થઈ જાય, વાજિંત્રો પણ વગાડે ને નૃત્ય પણ કરતા જાય. પથ્થરયુગથી શરૂ કરીને અણુયુગના ઉંબરે તેઓ પણ આવીને ઊભા છે અને તેમના ઘણા બધા ઘણી બૌદ્ધિક ક્ષમતા પણ ધરાવે છે. જળ, જંગલ, જમીન આંદોલન સાથે પણ તેઓ જોડાયેલા છે, મોટા અનાજના ઉત્પાદન અને કાર્યો પ્રત્યે તેઓ સમર્પિત છે. થાક્યા વિના તેઓ પોતાના મૂળભૂત અધિકારો માટે લડે પણ છે અને જમીન સંબંધિત સરકારી યોજનાઓ વિશે જાણે પણ છે.

આ પ્રજાનું શાળા શિક્ષણ નહીં હોવા છતાં અનુભવ શિક્ષણ એટલું પ્રબળ છે કે કયુ વાદળ વરસાદ આપશે, વરસાદ ક્યાં જશે? પહેલા વરસાદની તાકાત, ધૂળ, ડમરી સાથે વરસાદનું આગમન, છાપરા, નળિયા ઉડાડી દે એવું વરસાદનું તોફાન... ક્ષિતિજ પર દેખાતા એકલા, અટુલા સફેદ વાદળ અને વરસાદનું અવલોકન કરવા સાથે વરસાદ આવે ત્યારે મોર કેવા હોય, મોર કેવું નાચે, કેવું ધીમે ધીમે ચાલે એ અંગેનું પણ ગીત 'ઝીણો ઝીણો રમે મોરીયા, લીલા મોરા ઝીણો ઝીણો રમે મોરીયા, લીલો લીલો રમે મોરીયા...' ગીતમાં મોરની ચાલ, વાદળ વગેરે વણી લેવામાં આવ્યા છે.

'પહેલા તે જુગમાં રે, બીજા જુગમાં રે...' પૃથ્વી પર અંધકારયુગ, હિમયુગ, ધવળાયુગ (દિવસ), જળયુગ, પાષાણયુગ, કાંસ્યયુગ, લોહયુગ, તામ્રયુગ, સત્‌યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કળિયુગ જેવા કેટલાંય યુગો વીતી જવા છતાં પણ આ ગીત ગવાય છે. ગીતમાં દેવી દેવતાનું પ્રાગટ્ય, યુગો, ધાતુ વગેરેની વાતો વણી લેવામાં આવી છે અને પ્રથમ વરસાદ આવે ત્યારે ચકલીની ચાંચમાં જીભ ઉપર ચોખા ચડાવી કુળદેવીને અર્પણ કરે છે. તે પહેલાં કોઈપણ વ્યક્તિ ચોખાનો દાણો મોઢામાં મૂકતું નથી. ચોખા વિષે ઘણી લોકકથા છે. દેવતાઓએ અથવા દેવીઓએ મનુષ્યને ચોખા આપ્યા અને તે કેવી રીતે ઉગાડવું તે શીખવ્યું. વળી બધા અનાજોમાં ચોખા ભીના થાય તો પણ તે અંકુરિત થતા નથી. સંસ્કૃતમાં તો ચોખાનો એક શબ્દનો અર્થ 'માનવજાતિના પાલનહાર' તરીકે કર્યો છે. અને ચોખા સમૃદ્ધિ અને ફળદ્રુપતાની સાથે સંકળાયેલા છે. વળી નામકરણ, ભાઈબીજ, જન્મ દિવસની ઉજવણી, પોંગલ, ઉત્તરાયણ વગેરે જેવા સંસ્કારોમાં ચોખાનો ઉપયોગ થાય છે. આમ ચોખા શક્તિશાળીનું પવિત્ર પ્રતિક છે. આવી જ કોઈ માન્યતા કે સંસ્કારથી ચોખાના પ્રથમ પાકને ચકલીની ચાંચમાં જીભ ઉપર મૂકવાની સાથે પ્રકૃતિ, પશુ, પંખીને જોડીને ગીતોની રચના થઈ. નિષ્ણાતોએ પણ ધ્યાન દઈને સાંભળવા

પડે આ ભીલી ભાષામાં ગવાતા ગીતોને. આથી જ અહીં કેટલાંક ગીતોની આંશિક અને કેટલાંક ગીતોની પૂર્ણ રજૂઆત થઈ શકી છે. તેમ છતાં પણ આ ગીતોનું માધુર્ય, કાવ્ય રચના અને સરળતા આપણે જ્યારે પણ સાંભળીએ ત્યારે આપણા દિલને સ્પર્શ્યા વિના ના રહે.

કૃષિ સંસ્કારના ઈતિહાસમાં ફળનું વિશેષ મહત્ત્વ છે. હળની શોધ વિષ્ણુના આઠમા અવતાર બલરામ દ્વારા કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે અને તે રાક્ષસો સામે તેમનું મુખ્ય શસ્ત્ર હતું. વૈદિક સમયમાં ખેડાણની વિધિને મહત્ત્વનું સ્થાન હતું. ભગવાન બુદ્ધ તેમની યુવાનીમાં હળ ઉત્સવમાં હાજરી આપતા હતા. રામાયણમાં આપણે જોઈએ છીએ કે રાજા જનક ખેતર ખેડતા હતા અને દેવી સીતા ચાસમાંથી મળી આવ્યા હતા. આમ પ્રથમ ખેડાણ વખતે હળની પૂજા કરી જમીન ખોલતા પહેલાં તેને પવિત્ર બનાવે છે. પછી હળ ધરાવનાર ખેતરમાં જાય છે, હળ જોતરાઈ જાય છે, ચાસ પડાય છે અને જ્યારે સર્વત્ર વરસાદ વરસવાનું ચાલુ થાય ત્યારે વરસાદ અને તેનાં ટીપાથી મળતી ખુશીનું દેવગઢ બારિયાની બહેનોએ નૃત્યનાટિકા દ્વારા અદ્‌ભુત રીતે દર્શાવ્યું. ગીતમાં જે તે પ્રદેશના અનાજોની વિવિધતાને યાદ કરવા અને અન્ય લોકો સાથે તેને વહેંચવાની પ્રક્રિયા ગીતમાં તાદશ્ય થાય છે. જમીન પર પડતાં વરસાદના ટીપાને મોતી સાથે સરખાવવાની અદ્‌ભુત કલ્પના આ ગીતમાં છે. સ્ત્રીને ખેતરમાં વાવણી કરવી છે પણ અચાનક જ તેને યાદ આવે છે કે તે બિયારણ તો ઘરમાં જ ભૂલી ગઈ છે અને હળ ચલાવનાર (હાળીડો)ને કહે છે કે ઊભો રે'જે ભાઈ, હું તો બીજ ઘરમાં જ ભૂલી ગઈ! સાદા જણાતા આ ગીતમાં પણ વરસાદના ટીપાની અદ્‌ભુત કલ્પના અને વિવિધ બીજોને ઉજાગર કરવાની સરળતા આપણને જણાય છે. દેવગઢબારિયા ગુજરાતનું આ મૂળગીત -

'વરસ્યો વરસ્યો રે ચારે ખંડ રે,
મોતી વેરાયા ચોકમાં રે લોલ
હાળીડા હળ ઊભું રાખ રે,
મકાઈનું બી ઘેરે વિસર્યા રે લોલ
હાળીડા હળ ઊભું રાખ રે,
બંટાનું બી ઘેરે વિસર્યા રે લોલ....'

આ રીતે ગીતના પ્રત્યેક છંદમાં બાવટો, કોદરા, જુવાર, હોમેલ (સામો), લોબિયા, અદડ, ભીંડી, ખરબૂજા, બંટી, કમ્બુતર, તલ, મસૂર જેવા સ્થાનિક મિલેટ્સના બીજને યાદ કરવા સાથે અનાજની પ્રાદેશિક વિવિધતાનું ગૌરવ પણ પ્રસ્થાપિત કરે છે.

જ્યાં ઠંડી, ગરમી અને વરસાદનું કંઈ જ નક્કી ના હોય એવા વિસ્તારોમાં અનેક પાક એક સાથે વાવવામાં આવતા હોય છે. આથી હવામાન અણધાર્યું બદલાય તો પણ કોઈને કોઈ ધાન્યનો પાક સફળતાથી પાર પડે. જેમ કે રાજસ્થાનમાં 'સાત ધાન'ની પદ્ધતિ. આ પદ્ધતિમાં ખેતરમાં એક સાથે જુદાં જુદાં પ્રકારના સાત ધાન્ય વાવવામાં આવે છે. દક્ષિણ ભારતમાં 'પન્નન્દુ પંટાલુ' તરીકે ઓળખાતી પદ્ધતિમાં ધાન્યને કઠોળ અને તેલીબિયાં સાથે ભેળવીને વાવેતર કરાય છે. એવી જ રીતે હિમાલયની 'બારાનાજા' પદ્ધતિ. આ પદ્ધતિમાં ખેતરમાં એક સાથે જુદા જુદા પ્રકારના ૧૨ ધાન્ય વાવવામાં આવે છે.

આ ધાન્યોમાં પોષક તત્ત્વો અપાર છે. જૈવિક સંતુલન જાળવવા સાથે કુપોષણમાંથી પણ મુક્તિ અપાવવા સક્ષમ છે. જો તાપમાનમાં બે ડિગ્રી જેટલો પણ વધારો થાય તો ઘઉંનો આખો પાક બળી જઈ શકે. પણ બંટી, નાગલી, હોમલી, કાંગ, કુરી, કોદરા, બાવટો વગેરે જેવા બરછટ અનાજને વિપરિત વાતાવરણમાં પણ અસર થતી નથી.

''વેર્યા મેં બીજ અહીં છુટ્ટે હાથે તે

હવે વાદળ જાણે ને વસુંધરા.''

કવિશ્રી મકરન્દ દવેની આ પંક્તિઓ સાથે આગળ વધીએ તો એક નવવિવાહિત દીકરી બાજરા અને નાગરવેલની મિશ્રિત ખેતીનું આખું ચક્ર સફળતાપૂર્વક પૂર્ણ કરે છે. એની ખુશી ડગલેને પગલે પોતાની માઁ આગળ વ્યક્ત કરે છે. એવી ખુશીનું એક ગીત જેમાં ખેતીના વિવિધ તબક્કાઓ જેમ કે નીંદણ, બીજ વાવવા, અંકુર ફૂટવા, ફૂલ આવવા, બાજરો પાકી જવો, લણણી કરવી, દળવુ, ચૂલે ચડાવવું, અને અંતમાં એનો ઉપભોગ કરી લેવો. અને માત્ર દીકરીએ જ નહીં પરંતુ સમગ્ર સંસારના લોકોએ પણ આમ જ કર્યું.

કાંગરા - હિમાચલ પ્રદેશનું મૂળ ડોગરી ભાષાના આ ગીતના શબ્દાર્થ, ભાવાર્થ અને ગૂઢાર્થ સમજીએ તો આ ગીતોનું મહત્ત્વ આપણે પણ જાણીએ છીએ.

बाजरा बाई दित्ता माँ ए,

बाजरा बाई दित्ता सनसार लोक ए

मंझ मंझ बाई दित्ती माँ ए वे नागरवेल ए

આ પંક્તિઓનો હિન્દીમાં અનુવાદ જોઈએ તો (मैंने) बाजरा बो दिया माये

बाजरा बो दिया संसार के सब लोगोंने (भी)

बीच-बीच बो दी है माये नागरवेल भी

बाजरा अंकुरित हो गया माये

बाजरा अंकुरित होय गया संसार के सब लोगों का

बीच बीच अंकुरित हो गई माये नागरवेल भी

આમ આ ગીત બાજરી અને નાગરવેલની મિશ્રિત ખેતીના સંદર્ભમાં છે, જે આપણને હિમાલયની ખેતી પદ્ધતિનું જ્ઞાન કરાવે છે. બાજરાની પ્રકૃતિ ગરમ હોય છે અને નાગરવેલની પ્રકૃતિ ઠંડી હોય છે. વળી એક જ ખેતરમાં બે અથવા વધુ પાકોની પસંદગી મુખ્યત્વે પરસ્પર પાકના લાભ પર આધારિત છે. અહીં પાકની લણણી પછી બાજરા અને નાગરવેલ બંનેના બીજને એક સાથે ભેળવીને દળાવવામાં આવે છે. આ મિશ્રિત લોટ બંને અનાજના ગરમ અને ઠંડાની પ્રકૃતિને સમતોલ રાખે છે. એટલું જ નહીં પણ લોકોના મતે તો આ મિશ્રિત લોટની રોટી વધારે સ્વાદિષ્ટ લાગે છે. મિશ્રિત ખેતીથી જમીનની ગુણવત્તા પણ જળવાઈ રહે છે. અને પાકની નિષ્ફળતાનું જોખમ પણ ઘટે છે. કારણ કે કુદરતી પ્રતિકૂળ સંજોગોમાં એક પાક નિષ્ફળ જાય તો બીજો પાક ટકી રહે છે અને ખેડૂતોને પાકની લણણી કરવા માટે કંઈક તો બચે છે.

દૃશ્યમાન છતાં અદૃશ્ય એવા બાજરી ઉગાડતા સમુદાયો, તમારો આભાર! અમારા બીજ સાચવવા માટે અને તમારા રસાળ ગીતોનો રસથાળ જનસામાન્ય સુધી પહોંચાડવા માટે. આભાર, આપણી માટી અને આત્માને પોષવા માટે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૭ ઉપર)

# વર્ગ - જેમને સ્વર્ગ

- ઈશ્વર પરમાર

☐ પૂજ્ય બાપુ,

... કદાચ તમને હું યાદ પણ નહીં હોઉં, ખરું ને? કારણ કે પહેલી જ વખત પત્ર લખી રહી છું. તમારા માર્ગદર્શનને લીધે હું પ્રથમ વર્ષ (પી.ટી.સી.)માં સારા ટકા સાથે પાસ થઈ ચૂકી છું. પરંતુ હવે કદાચ ભણી શકીશ નહીં. પહેલાં જ્યારે અસલામતી લાગતી ત્યારે તમારું નામ લઈ એકલી બેસી સ્વસ્થ થઈ જતી! પરંતુ હવે તે પણ મારા માટે અશક્ય બની ગયું છે. બાપુ મને શ્વાસની બીમારી છે. લેવાનો એક એક શ્વાસ જાણે ભીખી ભીખીને માંગું છું. લાગે છે કે હવે કદાચ નહીં મટે. મારું મન વાંચવામાં નથી લાગતું. રાતે એક ભયાનક સ્વપ્ન આવે છે, જેમાં ગૅસની ફેક્ટરીમાં કામ કરતો એક છોકરો ફસાઈ જાય છે - એ હું જ છું કે શું? એ ગૂંગળાઈને ચીસ પાડે છે. અને મારી ઊંઘ ઊડી જાય છે - ગોળી લીધેલ હોવા છતાં દરરોજ રાતે બે થી ત્રણ વખત બસ, આ જ સ્વપ્ન આવે છે. શક્ય હોય તો જરૂરથી માર્ગદર્શન આપશો. બાપુ મારું શું થશે?

☐ વહાલા ગુરુજી,

વિશેષ તો સ્કૂલમાં ઈમાનદારીથી કામ કરીએ છીએ. કારણ કે તમારા કાર્યને આદર્શરૂપ રાખીને ઘણું ઘણું કરવાની ઈચ્છા છે...

☐ પરમ પૂજ્ય બાપુજી,

... અહીં ટેમ્પરરી સર્વિસ જોઈન્ટ કરી છે. જ્યારે જ્યારે વિદ્યાર્થીઓ સમક્ષ જાઉં છું ત્યારે તમારું સ્મરણ અચૂક કરું છું. ત્યારે મને સમજાય છે કે શિક્ષક તરીકે ખ્યાતિ મેળવવા પણ કેટલી મહેનતની જરૂર છે! ક્યારેક વિચાર થાય છે કે મારે પણ કંઈક કરી જાવું છે... પરંતુ ગભરાઈ જાઉં છું કે ક્યાં બાપુ ને ક્યાં હું...! મારે પણ આગળ આવવું છે અને હું પણ મહેનત કરીશ જ... આપે મારી સુષુપ્ત શક્તિ જગાડી છે...

- આ પત્રો લખનાર છે એક અધ્યાપન મંદિરની ભાવુક વિદ્યાર્થિનીઓ. અભ્યાસ-કાળ દરમિયાન પોતાની સાથે પુત્રીવત્ વ્યવહાર કરતા એક શિક્ષકને તેઓ પોતાની અંગત તેમજ પરિવારની મૂંઝવણો જણાવે ને માર્ગદર્શન મેળવે. સંસ્થા છોડી જાય તે પછી પત્રો દ્વારા 'પૂજ્ય બાપુ' પાસેથી માર્ગદર્શન મેળવે. અવારનવાર આવા પત્રો જે શિક્ષકને આજીવન મળતા રહે છે તેઓ છે... - શ્રી પ્રવિણભાઈ શાહ. એમની જીવનસાધના સદા પરમાર્થે પ્રાવીણ્ય પ્રતિ ગતિ કરવાની રહ્યા કરી છે. એમની સક્રિય શિશુભક્તિ અને ગ્રામવિસ્તારના પ્રાથમિક શિક્ષણ માટેની નિબસતને સલામ!

એમનો જન્મ અમદાવાદ જિલ્લાના બરવાળા (ઘેલાશા) ગામમાં સને ૧૯૩૬ની છઠ્ઠી જૂને. કિલ્લોલતા કુટુંબની કમનસીબી : પિતાજીનું અકાળે અવસાન! હવે માતાએ ત્રણેય પુત્રોને પગભર કરવા ઝઝૂમવાનું હતું. નાના પુત્ર પ્રવીણની વય ત્યારે કેવળ બે વરસની હતી. મોટા

પુત્ર હિંમતને કહ્યું : 'ભૈ, તું મૂંબૈ જા ને કમા તો ઘર નભશે.' વચેટ કૃષ્ણલાલને ત્યારે ભણતો રાખ્યો. વિધવા માતાની હૂંફ પાંગરતા પ્રવીણે પાંચેક વર્ષની વયથી મજૂરી કરતી માને ટેકો કરવા ઘરકામ કરવા માંડ્યું. કાલાં ફોલીને કમણી કરવા માંડી ને આમ કરતાં કરતાં બરવાળામાં સાતમા ધોરણ સુધીનું ભણતર પૂરું કર્યું.

ગામની મિડલ-સ્કૂલમાં આઠમું ધોરણ હતું. ઠોઠ ભણતરિયા ગણાતા પ્રવીણને તેમાં દાખલ કરવામાં આવ્યો. તે છ-માસિક પરીક્ષામાં ગણિત-બીજગણિતમાં સાવેસાવ નપાસ થયો. આચાર્ય તેના પરિવારના નબળા સંજોગો જાણતા હતા. તેઓ પહોંચી ગયા પ્રવીણને ઘેર અને તેનાં બાને કહ્યું, ''નબુબેન, તમારા પ્રવીણને જગા શેઠની પેઢીમાં વાણોતર તરીકે ગોઠવી દઉં?''

માતાએ ધ્રૂજતા અવાજે પૂછ્યું, ''કાં? કાંઇ ભણતરમાં કાચો છે?''

''કાંઇ ઉકાળે એમ નથી. છ માસિકમાં નાપાસ થયો ઇ બાર માસિકમાં ધાડ મારશે?''

'સાહેબ, મારે ઈને ભણાવવો છે. મોટો ભણ્યે હુંશિયાર હતો. અમે નોંધારા થયા એટલે ઈને ભણતર છોડાવવું પડ્યું. પણ હવે વચેટને ને આને તો ભણાવવા છે-તમે નજર રાખશો તો ભણતર રાગે પડશે.''

બાળકને ભણાવવા માટે મક્કમ માએ તે દિ' સાંજે પ્રવીણને માથે હાથ મૂકીને ભીના સાદે કહ્યું, ''બેટા, તું ભણીશ નહીં તો મારું શું થાશે? મને તું એટલુંય સુખ નહીં આપે? !! ''આટલું સાંભળીને ઘાયલ થયેલા પ્રવીણે માનું અંતર ઠારવાનો મનસૂબો કર્યો.

એ ઘરને રાતે ફાનસ પેટાવવા માટે કેરોસીનનો ખરચ પરવડે તેમ ન હતો. રસ્તે થાંભલા પર પંચાયત દ્વારા મુકાતા ફાનસને અજવાળે પ્રવીણે એવું વાંચ્યું ને એટલું વાંચ્યું કે આઠમા ધોરણની બાર માસિક પરીક્ષામાં પહેલે નંબર પાસ! (૧૯૫૩)

હવે ગામના આગેવાન શિવુમામાની ચિઠ્ઠી લઈને પ્રવીણ સુરેન્દ્રનગરની જૈન બોર્ડિંગમાં પહોંચી ગયો. બીજે ગૃહપિતા તરીકે નોકરી કરતા વચેટ ભાઈએ ફી ભરી. શહેરની એન.ટી.એમ. હાઈસ્કૂલમાં નવમા ધોરણમાં પ્રવીણ દાખલ થયો. આરંભમાં જરા ઓઝપાયો પરંતુ ધીમેધીમે મિત્ર-મંડળ જામવા માંડ્યું. મિત્રોના સ્નેહ અને પુસ્તક સહાય તેમજ પોતાના સ્વાધ્યાય-શ્રમના જોરે નવમા તથા દસમા ધોરણમાં પ્રવીણ શાળાના પાંચેય વર્ગોમાં પ્રથમ ક્રમે પાસ થયો. અગિયારમા ધોરણ (એસ.એસ.સી.)માં છોત્તેર ટકા ગુણ મેળવીને પોતાનું પ્રાવીણ્ય પ્રગટ કર્યું. (૧૯૫૫)

સૌના આગ્રહથી એણે મુંબઈ અને પછી સુરેન્દ્રનગરની કૉલેજમાં વિજ્ઞાન શાખામાં અભ્યાસ કર્યો અને ઈન્ટર સાયન્સ થયો; પણ શહેરમાં જીવ કોળે નહીં. તે જ અરસામાં મોટા ભાઇ કૃષ્ણલાલ લોકભારતી, સણોસરામાં સ્નાતક થવા જોડાયેલા. વૅકેશનમાં ઘેર આવી ત્યાંના ગુરુજનોની ખૂબ પ્રેમ-આદરથી વાતો કરે. આથી પ્રવીણને લોકભારતી તરફ એવું આકર્ષણ થયું કે મોરબીની ઇજનેરી કૉલેજના પ્રવેશને નકારીને સંસ્કારધામ લોકભારતીમાં સ્નાતક થવાને દાખલ થયો.

લોકભારતીમાં પ્રેરક ગુરુજનોનો સીધો સંપર્ક.

સાહિત્ય અને શિક્ષણની રસાળ વાતો થયા કરે. ભારતની શ્રેષ્ઠ વ્યક્તિઓ સંસ્થાની મુલાકાત લે અને વિદ્યાર્થીઓને મળે. સમૃદ્ધ પુસ્તકાલય. ભણતરીઆ પ્રવીણભાઈના ભાણામાં જાણે ભરપૂર પીરસાવા લાગ્યું!

શ્રદ્ધેય મનુભાઇ પંચોળી તે વખતે અધ્યાપક અને ગૃહપિતા પણ ખરા. તેઓ રસોઈમાં મદદ કરે અને ક્યારેક પીરસે પણ ખરા. સૌમાં રસ લે. ઉત્સાહ આપે. સાંજે પ્રાર્થનામાં જાતભાતની વાતો કે વાર્તા કહે. એક વખત બીમાર પ્રવીણભાઇ માટે આદરણીય વિજયાબહેન મનુભાઈ પંચોળી લસણથી વઘારેલી ખીચડી કેવા હેતથી બનાવી લાવેલાં!

એક વખત છાત્રાલયમાં પાણી ભરવાનો વારો આવતાં પ્રવીણભાઇએ બધા ગોળા ભર્યા પછી બે ડોલ ટીપડાંમાં પણ નાખી. ટીપડાંમાં ફાનસમાં ભરવાનું કેરોસીન રાખવામાં આવે છે તેની તેમને ખબર નહીં. રાતે બધાના ફાનસ ફફક ફફક ફફક ફટ્ટ! ગૃહપિતા પાસે ફરિયાદ પહોંચી. પ્રાર્થનામાં તેનો નિકાલ કરતાં મનુભાઈ હસીને કહે, ''તમે સૌ લોકશાળામાંથી અહીં ભણવા આવ્યા છો એટલે તમને અહીંની બધી બાબતોનો પરિચય હોય. પ્રવીણભાઈ સુરેન્દ્રનગરની કૉલેજમાંથી આવ્યા છે, એટલે તેમનાથી ભૂલ થઈ ગઈ. આપણે તેમને માર્ગદર્શન આપવું જોઈએ. તેને શિક્ષા કરાય નહીં!''

છાત્ર પ્રવીણભાઈને એક વખત 'લોકભારતી'માં ઘેર ઘેર દૂધ પહોંચાડવાની ફરજ સોંપાઈ હતી. ગૌશાળામાંથી દૂધ કેનમાં ભરી, સાઇકલ પર લટકાવીને પછી હાથ હેન્ડલ પર ને પગ પેન્ડલ પર. એ રીતે દૂધ લઇ જતાં એક વાર સાઈકલ સ્લીપ થઇ ગઇ. કેન નીચે પડ્યું ને તેમાંનું બે મણ દૂધ રસ્તા પર ઢોળાઈ ગયું. કેટલાંક ઘરો દૂધ વગરનાં રહ્યા. ફરિયાદ મુખ્ય ગૃહપિતા શ્રદ્ધેય શ્રી મૂળશંકરભાઇ પાસે પહોંચી.

સાંજે એમણે પ્રવીણભાઇને પોતાને ઘેર બોલાવ્યા. પ્રવીણભાઈ બીતાં બીતાં ગયાં. ઘડીક મૂંગા રહીને મૂળશંકરભાઈ તેની સામે જોઈને પૂછે, ''પ્રવીણ, તને વાગ્યું તો નથી ને?'' આટલું એવા પ્રેમાળ ને લાગણીભર્યા અવાજે પૂછ્યું કે ભારે દંડની ધારણા કરીને ગયેલ પ્રવીણભાઇ તો ત્યાં ને ત્યાં ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યાં. તેને વાંસે હાથ મૂકીને પાણી પાઇને ગૃહપિતા કહે, ''પ્રવીણ, આજે અહીં જ જમી લે.''

લોકભારતીમાં જરૂરી લવાજમ ભરવા માટે એક વર્ષ બંને વૅકેશનમાં શ્રમ કર્યો. એક વર્ષ ત્યાંના અધ્યાપનમંદિરમાં વિજ્ઞાન-શિક્ષક તરીકે સેવા આપી. આમ બે વર્ષનું ભણતર સ્વાવલંબી રહ્યું. તેઓ સ્નાતક થતાં (૧૯૫૯) લોકભારતીએ પ્રમાણપત્ર આપતી વખતે પ્રેમાદેશ આપ્યો કે ગામડામાં રહીને પ્રવૃત્ત રહેજો. આ આદેશ આગળ જતાં પ્રવીણભાઈએ આચરી બતાવ્યો.

પ્રવીણભાઈ લોકભારતીના છેલ્લા વર્ષમાં હતા ત્યારે આંબલામાં પી.ટી.સી. થયેલા, ત્રાપજનાં શિક્ષિકા વિનુબહેન અવરાણી સાથે તેમનું વેવિશાળ થયેલું. પ્રવીણભાઈ સ્નાતક થયા પછી લગ્ન થયાં. લગ્ન ખર્ચ વિના થવાં જોઈએ એવો આદર્શ. આથી વરરાજા પોતાની

જાનમાં એકલા સાસરે ગયા! ગુરુજી મનુભાઇ મણારથી ગાડાંમાં બેસીને લગ્નમાં આવ્યા. સુખી સાંસારિક જીવન માટે સરસ વાર્તા કરીને આશિષ આપ્યા.

એ ગાળા (૧૯૫૯-'૬૦)માં પ્રવીણભાઇ ખડસલીની લોકશાળામાં શિક્ષક હતા. તે ખડસલીથી એકલા ત્રાપજ આવેલા. પ્રવીણભાઈની વળતી જાનમાં માણસ થયાં બે! ધર્મપત્નીએ ત્રાપજની નોકરી ચાલુ રાખીને પ્રવીણભાઈને ડી.એડ્.નો અભ્યાસ કરવા માટે માંગરોળ જવાને આર્થિક અનુકૂળતા કરી આપી. અહીંની જી.બી.ટી.સી. કૉલેજના આચાર્ય શ્રી આર. એમ. મહેતાના પારસ સ્પર્શે તેમનામાં સારા શિક્ષક થવાનાં સ્વપ્નાં જાગ્યાં ને પ્રથમ વર્ગમાં ડી.એડ્. પણ થયા. (૧૯૬૧) આ પછી છ માસ લોકશાળા - સમાણામાં અને દોઢ વર્ષ સુરેન્દ્રનગરની પી.ટી.સી. કૉલેજમાં પ્રવીણભાઈએ અધ્યાપન કર્યું.

હવે એમને આગળ અધ્યયન કરવાનું અરમાન સળવળ્યું. પોરબંદરની આર.જી.ટી. કૉલેજમાં એમ.એડ્.ના વર્ગમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરી.

ઇન્ટરવ્યુ થયો પણ - નો એડમિશન!

''કેમ? પ્રવીણભાઈથી પૂછાઈ ગયું.

તત્કાલીન આચાર્યે કહ્યું, ''તમે લોકભારતીના સ્નાતક છો. વળી તમે બી.એડ્. નહીં ડી.એડ્. છો.''

''ડી.એડ્. થયેલ એમ.એડ્.માં પ્રવેશપાત્ર ગણાય છે.''

''તેથી શું થયું? તમે યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ પણ નથી.''

''તેથી શું થયું? યુનિવર્સિટીએ ઠેરવેલી લાયકાત તો છે.''

''સર્ટિફિકેટ કેપેસીટી નથી આપી શકતું. તમને લોકભારતીવાળાઓને એમ.એડ્.માં પ્રવેશ આપીએ તો અમારું રિઝલ્ટ બગડે. અમને આ વખતે જ પી.જી. સેન્ટર મળ્યું છે. રિઝલ્ટ નબળું આવે તો સેન્ટરની આબરૂ ઘટે.''

''સર, રિઝલ્ટ ન બગાડવાની ખાતરી આપું છું.''

''નો...નો... એ ન બને. તમને બેઝિકવાળાને અંગ્રેજી વાંચતાય ન આવડે. અંગ્રેજી વાચન વગર એમ.એડ્. ન થવાય.''

''સાહેબ, બીજા કરતાં બમણી મહેનત કરીશ. મને તક આપો.''

આચાર્યશ્રી પ્રવેશ ન આપવા મક્કમ હતા પણ અધ્યાપકો મહેશભાઇ વૈષ્ણવ, બી. યુ. પરીખ ને મણિયારસાહેબની દરમિયાનગીરીથી પ્રવેશ મળ્યો. એ સાહેબો તો એવા વિદ્યાર્થી-વત્સલ કે જાતે ચા બનાવીને મહેનતુ વિદ્યાર્થીને જાગતા રાખે ને વંચાવે! પહેલું વર્ષ સુરેન્દ્રનગરથી ને બીજું વર્ષ બાબાપુરથી પોરબંદર આવતા રહીને એમ.એડ્.નાં સત્રો ભર્યાં. પરીક્ષા આપી. પરિણામ : ગુજરાત યુનિવર્સિટીમાં સર્વપ્રથમ! (૧૯૬૪) આર. જી. કૉલેજે પોરબંદરના મહારાણીના હસ્તે પોતાના આ તેજસ્વી વિદ્યાર્થીને રૌપ્ય ચંદ્રક એનાયત કર્યો અને યુનિવર્સિટીએ પ્રો. ટી. કે. એન.

મેનન ગોલ્ડમેડલ એનાયત કરીને બહુમાન કર્યું. ગામ બરવાળાએ સમારંભ યોજીને સન્માન કર્યું. તો સુરેન્દ્રનગરની જૈન બોર્ડિંગ પોતાના છાત્રનું ગૌરવ કરવામાં પાછળ રહે?

સર્વોદય આશ્રમ, બાબાપુરના મહિલા અધ્યાપનમંદિરમાં અધ્યાપક તરીકે પ્રવીણભાઈએ ત્રીસ વર્ષ (૧૯૬૩-'૯૩) સંનિષ્ઠ સેવાઓ આપી. એમ.એડ્. થઈ ગયેલા તેથી સી.એન. વિદ્યાલય, અમદાવાદથી અધ્યાપક થવા માટે આમંત્રણ મળેલું. પણ બાબાપુર સાથે જામેલી મહોબતે એમને ત્યાં જ ટકાવી રાખ્યા. ત્રણ દાયકાથી વધુ વખત!

શિક્ષક પ્રવીણભાઈ વર્ગ-પ્રવેશ પહેલાં વિના પ્રમાદે પૂરતો સ્વાધ્યાય કરે. વર્ગમાં સાથે પુસ્તક ન રાખે. વર્ગમાંથી બહાર નીકળતી વખતે તેઓ તૃપ્ત હોય અને વર્ગની આંખમાં ચમક હોય! વર્ગને સ્વર્ગ શો અનુભવ આ શિક્ષક છાત્રાઓને પોતાના જીવમાં પણ છત્ર શા અનુભવાયા. સાદાઈ, કરકસર, શ્રમ અને સહાય તત્પરતાના પાઠ બોલીને નહીં, પરંતુ જીવીને શીખવતા પ્રવીણભાઈની પાસે હૃદય ઠાલવે ને માર્ગદર્શન મેળવે. બધી જ કક્ષાના જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ માટે પ્રવીણભાઈ સમય ફાળવે. તેઓ જાણે સદાકાળના શિક્ષક!

બાબાપુર આસપાસનાં અઢાર ગામની પ્રાથમિક શાળાઓના શિક્ષકો પ્રવીણભાઈના ગણિત-વિજ્ઞાન-ભાષાના પ્રાવીણ્યનો લાભ લઈ શકે. બાળકો તેમજ વાલીઓ માટેના માર્ગદર્શક સભા-શિબિરોનું સંચાલન કરતા પ્રવીણભાઈ ત્રણેક કેળવણી મંડળોમાં ટ્રસ્ટી તરીકે પણ સહયોગી ખરા.

બાબાપુર ગામના નબળા પરિવારોનાં સુખદુઃખના સાથી સમાન આ કર્મઠ શિક્ષકને ગામ વહાલથી 'પ્રવીણબાપુ' કહીને લાગણી દર્શાવે. આંખોના મોતિયાના ઓપરેશનનો કૅમ્પ હોય કે યુવકમંડળની કોઈ પ્રવૃત્તિ - 'પ્રવીણબાપુ' હાજર! બાબાપુરમાં પૂર-હોનારત વખતે મદદ મેળવવા સુરેન્દ્રનગર દોડી ગયેલા પ્રવીણઅભાઈએ ત્યાં શ્રેષ્ઠીઓની સભામાં ટહેલ નાંખી ને પાંચ મિનિટમાં મદદ મળી રૂપિયા દસ હજાર!

સર્વોદય કેળવણી મંડળ, તરવડાએ બાળકો માટે કિલ્લોલતું બાળઘર તરવડા મુકામે શરૂ કર્યું. દરરોજ ત્રણ કિલોમીટર ચાલીને પ્રવીણભાઈ ત્યાં જતા. આ રીતે શરૂઆતના બે વર્ષ તેનું સંચાલન કર્યું અને બાળકોને સ્નેહ અને શિક્ષણ આપ્યા. એમની સમક્ષ ને બીજેય પ્રવીણભાઈ બાળવાર્તા સરસ ઢબે કહે.

સને ૧૯૬૭માં શરૂ થનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રચના અંગેની તૈયારીઓ ચાલતી હતી. તેના સેનેટ મેમ્બર થવા માટે પ્રવીણભાઈએ ફોર્મ ભર્યું. પોતાના નિખાલસતા અને નિષ્ઠાના જોરે ૩૩માંથી ૨૮ મત મેળવીને ચૂંટાયા. સેનેટર તરીકે પરીક્ષાઓમાં ચાલતી ગેરરીતિઓ સામે અવાજ ઊઠાવ્યો અને અંગ્રેજી વિના એસ.એસ.સી. થયેલા વિદ્યાર્થીઓને પણ કૉલેજમાં પ્રવેશ મળે તે માટે ઝુંબેશ ચલાવી.

એક વખત સેનેટની બેઠક ભાવનગરમાં મળી. ચાલુ બેઠકે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રદ્ધેય શ્રી ડોલરભાઈ માંકડના

અવસાનના દુઃખદ સમાચાર આવ્યા. સેનેટ અંજલિ આપી; સાથેસાથે સદ્‌ગતના માનમાં એક દિવસ સેનેટની બેઠક મુલતવી રાખવાની દરખાસ્ત મુકાઇ.

આ દરખાસ્તનો વિરોધ કરતા પ્રવીણભાઇ કહે, ‘ડૉ’ કાકાને આ રીતે અંજલિ ન અપાય. જે માણસે આખી જિંદગી કામ કર્યું તે માણસની પાછળ કામ બંધ ન રખાય, પણ કામ ચાલુ રાખીને સાચી અંજલિ અપાય. વળી સેનેટ એક દિવસ મુલતવી રાખીને મુલતવી રહેલ દિવસનું પણ ડી.એ. લઈએ તો છેવટે યુનિવર્સિટીનો ખર્ચ વધે અને તેય ‘ડૉ’ કાકાના મૃત્યુને લીધે! આ કારણે આજે સેનેટ મુલતવી રાખીએ તો વાજબી નથી.’’

પ્રવીણભાઇની વાત સ્વીકારાઇ નહીં. સેનેટ એક દિવસ મુલતવી રહી. મુલતવી રહેલ દિવસનું ડી.એ. પ્રવીણભાઇએ ન લીધું!

આજીવન વિદ્યાર્થી પ્રવીણભાઇએ દેખીતા કશા લાભની અપેક્ષા વિના પીએચ.ડી. કક્ષાનો અભ્યાસ કર્યો. (૧૯૮૦) એમના માર્ગદર્શક હતા શ્રદ્ધેય શ્રી ગૌરીભાઈ ભટ્ટ અને પછી ડૉ. શાંતિભાઇ ભાવસાર. વિષય : ‘‘સૌરાષ્ટ્ર વિસ્તારની પ્રાથમિક શાળાઓનાં શ્રેણી ૬ તથા શ્રેણી ૭નાં બાળકો માટે શબ્દ-સંબંધ જ્ઞાન કસોટીની રચના અને તેનું પ્રમાણીકરણ.’

પ્રવીણભાઇ લોકભારતીના એક એવા સ્નાતક કે જેઓ સર્વપ્રથમ પીએચ.ડી. થયા. ગુરુજી ‘દર્શક’ તથા નાગરદાસ દોશી દ્વારા આ નિમિત્તે તેઓ બગસરા અને સાવરકુંડલામાં સન્માનિત થયા.

બાબાપુરની બાજુના બગસરા ગામમાં પૂજ્ય લાલચંદકાકા બાળશિક્ષકની પ્રવૃત્તિઓ કરતા હતા. એમની સાથે ચર્ચા થતાં એવા તારણ પર આવ્યા કે જો વાલીઓ બાળશિક્ષણનું મહત્ત્વ ન સમજે તો બાલમંદિરો સફળ થઇ શકે નહીં. આથી બાળકોને યોગ્ય રીતે ઘડવા હોય તો તેમના વાલીઓને શિક્ષિત કરવા જોઈએ. આ આશયથી ‘બાલમૂર્તિ’ માસિક શરૂ કરવાનો નિર્ણય લેવામાં પ્રવીણભાઇ આરંભથી (૧૯૮૦) તેના સંપાદક રહ્યા છે. એમણે ‘બાલમૂર્તિ’નું પુત્રવત્ પોષણ કર્યું. વાલીઓ ઉપરાંત પૂર્વપ્રાથમિક ને પ્રાથમિક શિક્ષકો દ્વારા તેને સક્રિય પ્રતિસાદ મળતો રહ્યો છે.

‘બાલમૂર્તિ’ની તેમજ અન્ય શૈક્ષણિક - સમાજિક પ્રવૃત્તિઓમાં પ્રવીણભાઇના પ્રદાનને ધ્યાનમાં લઈને અમરેલીના સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટે ૧૯૮૯માં તથા જીવરાજ મહેતા ટ્રસ્ટે ૧૯૨૨માં પ્રવીણભાઇને સન્માન સહ પારિતોષિક અર્પણ કર્યા.

લેખક તરીકે પ્રકાશવાની ભરપૂર સૂ-શક્તિ હોવા છતાં પ્રવીણભાઇએ પ્રત્યક્ષ શૈક્ષણિક અને શિશુવિષયક પ્રવૃત્તિઓ માટે સમય સમર્પિત કર્યા કર્યો છે. આમ છતાં પ્રસંગ પડ્યેથી એમણે ત્રીજા, ચોથા અને છઠ્ઠા ધોરણના ગણિતનું તથા ગણિત શિક્ષણ પદ્ધતિના પુસ્તક માટે સહલેખન કર્યું. પહેલાં ધોરણનાં બાળકો માટે શબ્દપોથી રચી. મનુભાઈ પંચોળી, ગિજુભાઈ બધેકા તથા વીરસુતભાઇ મહેતાના બાળકેળવણી વિષય લેખોનું સંપાદન કર્યું. પોતે પણ બાળઉછેર અંગેના લેખો (અને વર્ષો પહેલાં નવલિકાઓ પણ) લખતા રહે છે. એમ તો ગ્રામલોકો માટે

નાટકો પણ રચ્યાં. પ્રાથમિક શિક્ષણને લગતા નિદાન-ઉપચાર તરેહનાં નાનાં-મોટાં અનેક લઘુસંશોધનો પણ હાથ ધર્યાં છે.

સને ૧૯૯૩માં, ત્રણ દાયકાથી વધુ સમયના પ્રત્યક્ષ શિક્ષણકાર્ય બાદ તેઓ નિવૃત્ત થયા. પ્રવીણભાઈની પરમાર્થી વૃત્તિ-પ્રવૃત્તિનાં સદા સંગાથી વિનુબહેન પણ એકવીસ વર્ષ બાબાપુરમાં પ્રાથમિક શાળામાં શિક્ષણકાર્ય કરી, સાથે જ નિવૃત્ત થયાં. એક વરસ વહેલી સ્વૈચ્છિક નિવૃત્તિનો હેતુ : સંસ્થા અને સમાજને વધુ ઉપયોગી થવાનો. આને આધુનિક વાનપ્રસ્થાન કેમ ન કહેવાય? નિવૃત્તિ પછી, અમદાવાદના ત્રિપદા એજ્યુકેશન ટ્રસ્ટે પ્રવીણભાઈનું તેમના શૈક્ષણિક પ્રદાન બદલ સન્માન કર્યું.

નિવૃત્તિ પછી ઈજનેર-પુત્ર-પરિવાર સાથે રહેવા ભરૂચ-નર્મદાનગર ગયા. બાબાપુર છોડતાં બેચેનીનો પાર નહીં. ખાસ તો ભણાવવાની પ્રવૃત્તિ સરી જતાં પ્રવીણભાઈ પોતાને 'હણાયેલા' અનુભવવા લાગ્યા. ભરૂચ મુકામે શૈક્ષણિક સેવાઓ હાથ ધરી. દસમા ધોરણના વિદ્યાર્થીઓની વિવિધ મનોવૈજ્ઞાનિક કસોટીઓ લઈને તેમને માર્ગદર્શન આપ્યું. પ્રાથમિક શિક્ષકો સાથે 'ભણતરનો ભાર' ઘટાડવા અંગેની ચર્ચાઓ કરવા માંડી.

- પણ આ તો બધો અધ્યાપનનો આભાસ! જિંદગી આખી વિદ્યાર્થીઓ સાથે ગાળનાર પ્રવીણભાઈને નિવૃત્તિ ખારી લાગવા માંડી. ન રહેવાય, ન સહેવાય; પાણી વિના માછલું તેમ વર્ગ વિના પ્રવીણભાઈ!

એમણે સર્વોદય આશ્રમ, બાબાપુરનો સંપર્ક કરીને પૂછાવ્યું, ''પાછો આવું?'' સંસ્થાએ માનભેર આવકાર આપ્યો. એક વિદ્યાર્થિનીએ તો જાણે પત્ર દ્વારા ટહુકો કર્યો : 'પૂજ્ય બાપુજી, એક ખુશખબર સાંભળ્યા છે કે આપ પાછા બાબાપુર આવવાના છો. કેવું સરસ! આવતા રો'ને બાપુ. ત્યાં અમારા જેવી ઘણી બહેનોના દિલમાં આશાના દીવડા પ્રગટાવશો. આથી રૂડું બીજું શું હોઈ શકે?'

બાબાપુર પરત આવીને પ્રવીણભાઈએ અધ્યાપન મંદિરમાં વર્ગો લેવા, ગામની બહેનો સમક્ષ મહાભારતની કથા વાંચવી, યુવક મંડળને સહાય કરવી, શિક્ષણક્ષેત્ર સંશોધન કરનારને દિશા સૂચવવી - આવું બધું અવૈતનિક કાર્યકર તરીકે કરવા માંડ્યું છે. અનિયત કાલિક પત્રિકા નામે 'નિષ્ઠા'નું સંપાદન-પ્રકાશન શરૂ કર્યું. તે પત્રિકાનો વિચારમંત્ર છે : 'પગલે જ તારે કો' નવી કેડી થશે!' જાહેર પરીક્ષા શુદ્ધિ માટેના પ્રયોગ માટે અપીલ કરતાં કહ્યું : 'ચૂપચાપ ચાલ્યો જાઉં કે હું સાદ પાડું?'

તાજેતરમાં ભણતરનું ભારણ ઘટાડવા પ્રાથમિક શિક્ષણક્ષેત્રે ક્રાંતિકારી કહેવાય તેવા વિચાર ઉકેલ સાથે રજૂ કર્યો છે. તેઓ કહે છે : ''૧ થી ૧૦૦ સંખ્યા સાથે જોડાયેલા આપણા શબ્દપ્રતીકો સંખ્યાના અર્થને સ્ફૂટ કરતાં નથી એટલે તે શબ્દોને બદલે વધુ સંગત ને સરળ પદ્ધતિ અપનાવવી જોઈએ.'' તજ્જ્ઞો એમની વાતને કાને ધરે તો બાળકોના ભણતરનો ભાર કંઈકેય ઓછો થાય તેમ છે.

- આવું બધું પોતે કહેવા માંડે તો તેમના

અંતરના ઉજાસથી આપણા ચહેરા પર અજવાળાઈ જાય; પરંતુ પ્રમાણમાં અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવતા પ્રવીણભાઈ માટે વાણી દ્વારા પ્રકટ થાય તેવો કારસો કરવો મુશ્કેલ. હા, પોતાની આત્મીયતા અનુભવીને મન જરૂર ખુલ્લું કરે. ચાલો મળીએ :

*''પ્રવીણભાઈ, નિવૃત્તિ પછી કેવું લાગે છે?''*

''હા, હું નિવૃત્ત છું પણ વિદ્યાર્થીઓ વચ્ચે રહેવાનું ગોઠવાયું છે તેથી ટકી રહ્યો છું. ભણાવતાં ભણાવતાં મૃત્યુ મળે તેવી ઝંખના છે. હું પૂજા-પાઠ, ધર્મ-ધ્યાન કરતો નથી; મારા સ્વર્ગનો રસ્તો મારા વર્ગમાંથી પસાર થાય છે. આથી, નિવૃત્તિ પછી ભણાવવાનું ચાલુ રાખ્યું છે; બૌદ્ધિકતા નબળી નહીં પડે ત્યાં સુધી, હું જ્યાં હોઈશ ત્યાં ભણાવવાનું ચાલુ રાખીશ. આથી આનંદ અને સંતોષ મળે છે.''

*''આર્થિક બાબતે?''*

''કેટલું જોઈએ? પેન્શનની રકમમાંથી નિર્વાહ ચાલે છે. ત્રણેય દીકરીઓ પૂરતું ભણીને ગૌરવભર ઉચ્ચ વ્યવસાયમાં લાગેલ છે ને સાસરિયે સુખી છે. એટલે હવે તો કશે બંધાયા વગર મુક્ત રીતે થાય તેટલી શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓ કરવી છે. વૈતનિક કામ માટે બહુ મોટી ઓફર આવ્યા કરે છે પણ હવે પૈસા લઈને કામ કરવું નથી.''

*''પરંતુ આપણા પ્રિય શિક્ષણક્ષેત્રમાં બધું બગડવા માંડ્યું છે ત્યારે....''*

''જુઓ બધું બગડી ગયું છે એમ કહીને બેસી રહેવાથી કાંઈ ચાલવાનું નથી; નથી બગડ્યું તેને પકડવાનું છે અને સાચવવાનું છે.''

*''શિક્ષણક્ષેત્રે કઈ બાબત આપને નિરાશ કરે છે?''*

''શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા ઘટતી જાય છે. પ્રેમના સેતુ દ્વારા પ્રત્યાયન થતું નથી. આ સ્થિતિ માટે નિરાશાજનક છે.''

*''-અને કઈ બાબત ઊજળી આશા જન્માવે છે?''*

''ઈશ્વરભાઈ, પ્રત્યેક વિદ્યાર્થીનું અંતઃસત્ત્વ સમૃદ્ધ છે. એમની ભાવના અને સમૃદ્ધિને જો સંકોરવામાં આવે તો શિક્ષણમાં તેજસ્વિતા પ્રગટે. હજુ પણ વિદ્યાર્થીઓ ભર્યાભર્યા છે, ખોખલા નથી. તેઓ શિક્ષકને 'પી' જવા તત્પર છે. વિદ્યાર્થીઓની આ ઝંખના શિક્ષણક્ષેત્રનું જમા પાસું કે ઊજળી બાજુ છે એમ લાગે છે, તેમને 'શિક્ષક' જોઈએ છે, જે ખોવાઈ ગયો છે તે ઉધાર બાજુ!''

''તમ સરખા સાચુકલા શિક્ષકનો સત્સંગ પણ અમારા સરખા શિક્ષકોનું સદ્ભાગ્ય અને કશુંક આચરવા માંડીએ તે બાળકોનું સદ્ભાગ્ય!''

અનેક બાળાઓના 'બાપુ' અને ગામલોકના 'પ્રવીણબાપુ' એવા પ્રવીણભાઈ શાહમાં વસતા સંત પ્રકૃતિના શિક્ષકને બા-અદબ સલામ!

(પ્રવીણભાઈ શાહ, સર્વોદય આશ્રમ, બાબાપુર-૩૬૫ ૬૧૦)

# બાળકોમાં સુટેવોનું આરોપણ

- ઈશ્વર વાઘેલા

બાળકની પ્રથમ શાળા ઘર છે. પ્રથમ ગુરુ માતા-પિતા છે. કારણ બાળકના જીવનની શરૂઆત ઘરથી માતા-પિતાની નિશ્રામાં થાય છે. વર્તમાન કાળે ત્રણ-સાડા ત્રણ વર્ષ સુધી બાળકનો મોટાભાગનો સમય ઘરમાં-ઘરના સભ્યો સાથે-ઘરના વાતાવરણમાં જ વીતે છે. ત્રણ-સાડા ત્રણ વર્ષ પછી બાળકને શાળામાં મોકલાય છે, પણ તે ત્યાં થોડો સમય ચાર-પાંચ કલાક જ રહે છે. ત્યારબાદ ૨૦ કલાક ઘરમાં રહે છે. આ સમયગાળામાં બાળકનું ઘડતર ઘરમાંથી થાય છે. ઘરના સભ્યોમાં સુટેવો હોય તો તે બાળકમાં આવે છે અને જે કુટેવો હોય તે પણ મા-બાપ સજાગ ન હોય તો આવે છે. આ સંદર્ભે માતાપિતાની જવાબદારી વધે છે અને સારી ટેવોનું આરોપણ કરવા તરફ જાગૃત થાય તે આવશ્યક છે.

કેટલાંક મા-બાપ પોતે ઘરમાં હોય છતાં બાળકને કહે છે કે, કોઈ આવે તો કહેજે કે પપ્પા ઘરમાં નથી. બહાર ગયા છે. આ બાબત ખૂબ ગંભીર બને છે. બાળકને જૂઠું બોલવા તરફ પ્રેરે છે. જે સત્ય છે તે ન કહેવું તેવું બાળક શીખે છે. કોઈ તકલીફ હોય તો પણ સત્ય જ બોલવા તરફ જ પ્રયાણ કરવું જરૂરી છે.

કેટલાંક એવા સ્થળો હોય જ્યાં વસ્તી ખીચોખીચ હોય જેવાં કે મેળા, સમારંભો વગેરે. આવા સ્થળોએ ભીડ વધારે હોય અને બાળકને ઈશારો કરીને કંઈ લઈ લેવાનું મા-બાપ કહે તો બાળકને ચોરી કરવા તરફ દોરી જાય છે. કદાચ ભૂલથી પણ બાળક વસ્તુ લઈ લે તો મા-બાપ જ્યારે જુએ ત્યારે તેણે ક્યાંથી લીધી? કોની પાસેથી લીધી? જેવા પ્રશ્નો પૂછી તેને સાથે લઈ જઈને જે-તે વ્યક્તિને કે સ્થળે તે વસ્તુ પાછી અપાવવી જોઈએ. બીજાની વસ્તુ પૈસા આપ્યા વિના ન લેવાય તેવું શીખવાડવું જોઈએ.

કેટલીકવાર મા-બાપ પાડોશી કે પોતાનાં જ સ્વજનો શું વાતો કહે છે તે સાંભળવા બાળકને મોકલે છે. અને પછી તેઓએ શી વાત કરી તે પૂછે છે. આ દરમિયાન તેઓ વાત કરનાર માટે ખોટી વાતો પણ કરે છે. આમ બાળકને ચાડી-ચૂગલી કરતાં કરે છે. આ બાબતે ચેતવા જેવું છે. બાળક બીજા માટે નકારાત્મક વિચારતું થાય તેવું ન કરતાં તે સારું વિચારે, હકારાત્મક વિચારે. કોઈની વાતોમાં ન પડે પણ પોતાના કાર્યમાં જ રસ લે તે તરફ દોરી જવું જરૂરી છે.

બાળકો ચંચળ હોય છે. તે ઘરમાં અજાણતાં જ કંઈક તોડફોડ કરતાં હોય છે. તેઓને ખ્યાલ હોતો નથી. તે સમયે અપશબ્દો કેટલાંક મા-બાપ પ્રયોજે છે. દા.ત. હરામી, મૂવો, નાલાયક, અકરમી, લોહીથી ગયો, ખસ અહીંથી, માથું ન ખા. વગેરે. આ પ્રકારના શબ્દો ન પ્રયોજવા જોઈએ. જ્યારે અજાણતાં-ખબર નથી અને તોડફોડ કરે પછી તેને તે સંદર્ભે સારા શબ્દોમાં જ સમજ આપવી જરૂરી છે. દા.ત. બાળક પાસે બે વસ્તુ છે (૧) સ્ટીલની વાટકી (૨) કાચની

રકાબી. બાળક પ્રથમ સ્ટીલની વાટકી પછાડે છે. પછી તેને વિચાર આવતા કાચની રકાબી પછાડે છે. કાચની રકાબી પછાડતાં જ તૂટી જાય છે. તે સમયે બન્ને વસ્તુ શાની બનેલી છે તે સમજાવી. વસ્તુઓ ન પછાડવી જોઈએ તેવી સમજ આપવી જોઈએ. કેટલીકવાર બાળકને કોઈ વાત સમજાતી નથી અને તે પૂછવા આવે છે. બાળક આમ વારંવાર પૂછે ત્યારે મા-બાપ કંટાળીને 'માથું ના ખા' એમ કહી દે છે. આમ કરવાથી બાળક નિરાશ થાય છે અને તેના પ્રશ્નનું સમાધાન થતું નથી તેથી અકળાય છે. વળી તે પણ ગમે તે બોલવા લાગે છે. આમ ન થાય તે માટે બાળકના પ્રશ્નોના જવાબ વ્યવસ્થિત આપતા રહેવું તે અગત્યનું છે.

વર્તમાનકાળે ઘરમાં ટેકનોલૉજીએ પ્રવેશ કર્યો છે. જેમાં ટી.વી., મોબાઈલ અને ઈન્ટરનેટનો સમાવેશ થાય છે. ટી.વી.માં પહેલેથી જ એવી ચેનલો જોવી કે જે જ્ઞાન આપતી હોય. દા.ત. હીસ્ટ્રી, ડીસ્કવરી, જીયોગ્રાફી, વગેરે. કદાચ દિવસમાં એકાદ સારી સિરિયલ આનંદ માટે જોઈ શકાય. બાળકો માટે હવે તો એવું કહેવાય છે કે 'દેખે જેવા કાર્યક્રમો, થાય તેવા બાળકો' સદ્‌વિચાર તરફ સારા જ્ઞાન, તરફ દોરી જતાં કાર્યક્રમો બાળકો જુએ તે તરફ મા-બાપે વિચારવું જ રહ્યું. મોબાઈલના ઉપયોગ અંગે પણ કાળજી રાખવી જરૂરી છે.

બાળકોમાં વાચનની ટેવ વિકસે તે માટે મા-બાપે પણ વાંચવું પડશે. ઘરમાં વર્તમાનપત્ર આવે. સારાં સામયિકો આવે અને સારાં પુસ્તકો વસાવાય તે જરૂરી છે. બાળકો શાળાનું ગૃહકાર્ય કરે ત્યારે મા-બાપે પણ તેઓ સાથે વાંચવું જોઈએ. મા-બાપને વાંચતા જોઈ બાળકો પણ વાંચતા થશે અને ઘરમાં હશે તો વાંચશે જ.

ખોરાકના સંદર્ભે જંકફૂડ, ફાસ્ટફૂડ બાળકો ન ખાય તેની કાળજી રાખવી જોઈએ. નાનપણથી જ બાળકો ઘરમાં બનાવેલું જ ખાય. ફળફળાદિ ખાય તેવું વાતાવરણ રચવું. બહારનું તૈયાર કંઈ ન ખાય તે માટે બહારથી કંઈ લાવવું નહિ અને બહાર ખવડાવવું નહિ. કદાચ બહાર ગયાને ખાવાની જરૂર પડે તો ફળફળાદિ ખવડાવવા સારાં. કારણ કે જંકફૂડ ફાસ્ટફૂડથી મેદસ્વિતા વધે છે. રોગો થવાની શક્યતાઓ પણ રહે છે.

બાળકોને નજીકની શાળામાં ભણાવો. જેથી પોકેટમની આપવાની જરૂર ન પડે. નજીકની શાળા હશે તો ત્યાં નાસ્તો આપી આવી શકાય. અથવા બાળક જાતે પણ ઘરે જમવા આવી શકે. પોકેટમની બાળક ક્યાં વાપરે છે? તે પણ ધ્યાન રાખવું જોઈએ. જો તે ધ્યાન ન રખાય તો બાળક ગમે ત્યાં રખડતું થવાની શક્યતા રહે છે. ગમે તેના છંદે ચડી ખરાબ લતે ચડી જવાની શક્યતા પણ રહે છે. વળી ભણવાના સંદર્ભે બાળકને આપણો જ ભણવા તરફ દોરી જઈએ તો તે ભણશે જ. કેટલાંય વિદ્વાનો એવા છે જેમને શાળામાંથી કાઢી મૂક્યા પછી માતા-પિતાએ ભણાવી વિકસાવ્યા છે. ભણવું પોતાના જ હાથમાં છે તે શીખવવું જોઈએ.

વધારે પડતા લાડ ન લડાવો. તે પોતે જ પોતાના કાર્યો કરે, ઘરના કાર્યોમાં જોડાય, જાતે જ ગૃહકાર્ય કરે (જરૂર પડે સમજાવી શકાય, લખી આપી ન શકાય) તે આવશ્યક છે. સાથોસાથ વધારે પડતી છૂટ પણ ન આપો. તે ગમે ત્યાં ફરવા જાય. ગમે તેની સાથે ફરે. તે

(અનુસંધાન પૃષ્ઠ ૨૫ ઉપર)

# શિક્ષણ જગતમાં પંકાયેલા અને પોંખાયેલા આદર્શ શિક્ષક શ્રી વિઠ્ઠલભાઈ ઓઝા

- અશોક સોમપુરા

તા. ૨૬-૧-૧૯૩૧ના રોજ જન્મેલા વિઠ્ઠલભાઈ એ જમાનાને અનુરૂપ ધોતી-ટોપી પહેરી અને અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલી ડૉ. રઘુભાઈ નાયકની શાળામાં દાખલ થયા. વર્ગકામ અને અભ્યાસમાં હોંશિયાર આ વિદ્યાર્થી રઘુભાઈના પ્રીતિપાત્ર બન્યા. શાળાની તમામ પ્રવૃત્તિમાં સદાય અગ્રેસર રહેતા આ વિદ્યાર્થી ભવિષ્યમાં રઘુભાઈ અને જશીબેનના સાથ-સહકારથી કૉલેજમાં પણ અભ્યાસ કરી શક્યા. વીસ વર્ષની વયે તેઓ શિક્ષકકાર્યમાં પ્રવેશ્યા અને ૧૯૫૨-૫૩ દરમિયાન એસ.ટી.સી.ની જરૂરી તાલીમ પણ મેળવી લીધી.

૧૯૫૧ થી ૧૯૬૨ દરમિયાન જે શાળામાં અભ્યાસ કર્યો તે જ શાળામાં મદદનીશ શિક્ષક થયા. તેમની ભણાવવાની રીત વિશિષ્ટ હતી. તેઓ વિદ્યાર્થીઓને જાતે ભણતા કરે. વિદ્યાર્થીઓ સદાય તેમના તાસની રાહ જોતા. વાલીઓ સાથેના તેમના સહકાર માટેની રીત અનોખી હતી. વાલી સાથેની તેમની કામગીરી દ્વારા શાળાકાર્યને એક નવું જ બળ અને ઉત્સાહ પ્રાપ્ત થયા કરતા. શિક્ષણમાં ઊંડો રસ ધરાવતા વિઠ્ઠલભાઈ શિક્ષણકાર્યના દરેક કામમાં ભારે ઓતપ્રોત રહેતા. આથી જ 'ઘડતર' ના સંપાદન માટેની તેમની કામગીરી ખૂબ જ ઉપયોગી સાબિત થઈ. ૧૯૫૬-૫૭ના ગાળા દરમિયાન તેમણે સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યુટ ઑફ એજ્યુકેશનમાં બી.એડ્. માટેની તાલીમ પણ મેળવી હતી. અહીં આ તાલીમમાં પ્રાયોગિક શિક્ષણ માટેનું વિઠ્ઠલભાઈનું પાઠ આયોજન ઈન્સ્ટિટ્યુટના તાલીમાર્થીઓ માટે નમૂનારૂપ ગણાતું. તેમનો 'શાળામાં પ્રાર્થનાસભા'નામનો નિબંધ ઉત્તમ ઠર્યો હતો. આ બી.એડ્.ની તાલીમમાં તેઓ પ્રથમ વર્ગમાં પાસ થયા હતા.

દિલ્હીમાં બી.એડ્.ની તાલીમ મેળવ્યા બાદ તેઓ સરસ્વતીમાં કાર્યરત થયા અને શાળા પ્રગતિમાં સક્રિય રહ્યા. સરસ્વતી સંસ્થા માટેનો તેમનો પ્રેમ ઉત્તમ હતો. 'સ્નેહરશ્મિ' અને ગુરુવર્ય રઘુભાઈના કહેવા છતાંય તેઓએ સી. એન. વિદ્યાલયના આચાર્ય થવા માટે આદરપૂર્વક ના પાડી. આમ, સંસ્થા માટેનો તેમનો લગાવ અટલ જ રહ્યો.

પોતાનામાં શૈક્ષણિક જ્ઞાનનું ઉમેરણ થતું જ રહે તેવા આશયથી 'એક્સપરિમેન્ટ ઈન ઈન્ટરનેશનલ લિવિંગ' - ના ઉપક્રમે તેઓ અમેરિકા ગયા અને ત્યાં તેમને તેમની ઈચ્છા મુજબ અનેક પ્રકારના શૈક્ષણિક અનુભવો મળ્યા. આ અનુભવનું ભાથુ તેમણે તેમના શિક્ષણકાર્યમાં ઉપયોગમાં લઈ, સંસ્થાને સદાય તરોતાજા રાખી.

વિદ્યાર્થીઓ સાથેનો તેમનો નાતો ગજબનો હતો. દરેક વિદ્યાર્થીમાં કાર્ય માટે આત્મવિશ્વાસ જગાવવો અને તેને જાળવી રાખવાની તેમની પ્રવૃત્તિ દાદ માંગી લે તેવી હતી. ગરીબ વિદ્યાર્થીઓને ફીની મદદ કે અભ્યાસ માટેનું

માર્ગદર્શન વિદ્યાર્થી માટે સીમાચિહ્નરૂપ સાબિત થતું. આજે તેમના હાથ નીચે અભ્યાસ કરી ગયેલા હજારો વિદ્યાર્થીઓ દુનિયાના ખૂણે ખૂણે પ્રસરેલા છે. એવું કહેવાય છે કે વિદ્યાર્થીઓ તેમને અનહદ માન આપતા. ગુરુપૂર્ણિમાના શુભ અવસરે તેમને મળવા આવનાર વિદ્યાર્થીઓની સંખ્યા આશ્ચર્યમાં મૂકી દે તેવી હતી. વિદ્યાર્થીઓમાં એમને એટલો દૃઢ વિશ્વાસ હતો કે જૂની એસ.એસ.સી.માં વિદ્યાર્થી જે વિષય રાખવા માંગે તે ખૂબ પ્રેમથી આપવાની મંજૂરી આપતા અને વિદ્યાર્થી તે વિષયમાં પાસ પણ થતાં અને ભારે સંતોષ સાથે વિઠ્ઠલભાઈનો આભાર વ્યક્ત કરતાં.

શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલયના આચાર્ય બન્યા પછી તેમની શૈક્ષણિક સેવાઓ રાજ્ય અને રાષ્ટ્ર માટે ખૂબ નોંધપાત્ર રહી. આથી તેઓ રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકેના એવોર્ડથી સન્માનિત થયા. શાળાની શૈક્ષણિક ગુણવત્તા વધારવામાં તેમની મહેનત અદ્‌ભુત હતી. તેથી એસ.એસ.સી.ના પરિણામ ખૂબ ઊંચા આવતા. વિદ્યાર્થીઓની કારકિર્દી ઉજ્જવળ બનાવવાની દિશામાં આગળ વધતી. તેમની વિદ્યાર્થીઓ સાથેની અભ્યાસેત્તર પ્રવૃત્તિઓએ ગુજરાતની તમામ શાળાઓનું પ્રેરણાદાયી ધ્યાન ખેંચ્યું હતું. વિદ્યાર્થીઓની સર્વ પ્રકારની શક્તિનો વિકાસ થાય તે માટે તેઓ અનેક પ્રકારની સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરતા. તેમાં શુક્રવારની કલ્યાણનિધિ, ગુરુપૂર્ણિમાની સભા, પુસ્તકાલય માટેની કામગીરી, સમય બચાવવાની પ્રવૃત્તિ વગેરે મુખ્ય રહેતી.

સરસ્વતી વિદ્યામંડળના મદદનીશ મંત્રી તરીકેની ફરજ તેમણે ખૂબ નિષ્ઠાથી બજાવી. તેમની કામ કરવાની ચોકસાઈને લીધે તેમની ઉત્તમ આવડતનો લાભ રાજ્ય શિક્ષણ ખાતાએ પણ લીધો. પારિતોષિક નિર્ણાયક સમિતિ, રાજ્ય શિક્ષણ સલાહકાર સમિતિ, શાળા નિરીક્ષણ ટીમ વગેરે કામમાં તેઓ સહકાર આપતા. આથી જ કેન્દ્રના શિક્ષણ મંત્રાલયે પણ તેમનો લાભ લીધો હતો. સમગ્ર સરસ્વતી પરિવાર, વિદ્યાર્થી-શિક્ષક સમૂહ, વાલીગણ અને સમગ્ર શિક્ષણ જગત ગૌરવ અનુભવતું હતું કે જ્યારે તેમને રાષ્ટ્રકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવ્યા.

ગુજરાત વાલી-શિક્ષક એસોસિએશનના તેઓ સ્થાપક હતા. આ કામગીરીની સાથે સાથે 'શાળામાં વાલી-શિક્ષક સહકાર' - નામનું પુસ્તક પણ તેમણે લખ્યું હતું.

અંગ્રેજી વિષયના શિક્ષક હોવા છતાં ગુજરાતી ભાષા ઉપરનું તેમનું પ્રભુત્વ ખૂબ સારું હતું. આથી જ 'નૂતન શિક્ષણ', 'સારસ્વત', 'કુલધર્મ' અને 'નયા શિક્ષક' જેવા શૈક્ષણિક સામાયિકોમાં તેમણે લખેલા લેખો નોંધપાત્ર રહ્યા. ગુજરાતના ગૌરવ સમાન શૈક્ષણિક માસિક - 'ઘરશાળા' - ના સહતંત્રી તરીકે તેમણે બેનમૂન કામગીરી કરી. તેમની કલમે ગુજરાતના વાલી, વિદ્યાર્થી અને શિક્ષકોને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું. સાથે સાથે નવા કાર્યકરોનું ઘડતર સુપેરે કરી તેમણે 'ઘરશાળા' માસિકને સલામતી બક્ષી. સરસ્વતી વિદ્યામંડળના મંત્રી તરીકે શૈક્ષણિક, નાણાંકીય અને સમાજને ઉપયોગી થાય તેવા નિર્ણયો તેમણે પૂરતી સૂઝ સાથે લઈ સમાજ માટે ઉપયોગી કાર્ય કર્યું.

તેમની સાથે સંબંધાયેલા સૌની સાથે તેમનો વ્યક્તિગત સંબંધ રહેતો. શાળા પરિવારના દરેક શિક્ષકની આરોગ્યની તેમજ તેમના પરિવારની તેઓ સંભાળ લેતા રહેતા. આવા ઉત્તમ શિક્ષક ૧૯૮૯ના વર્ષમાં વયનિવૃત્તિને કારણે નિવૃત્ત થયા અને શિક્ષણના વિવિધ અંગોની કામગીરી કરવા નિષ્ઠાપૂર્વક વિશેષ પ્રવૃત્ત થયા.

એવી કોને ખબર હતી કે... ખેરાલુથી ધોતી-ટોપી પહેરીને આવેલો તરુણ ભવિષ્યમાં એ જ શાળાનો શિક્ષક, નિરીક્ષક અને સંસ્થાના મંત્રીપદે રહીને શિક્ષણને એક આગવી રાહ ચીંધીને ગૌરવ મળે તેવું સ્થાન પ્રાપ્ત કરી સૌ શિક્ષણકારો માટે ધ્યાનાકર્ષક બનશે.

અંતમાં એમ કહેવાનું જરૂર મન થાય કે,

જેમની દીર્ઘ દૃષ્ટિએ શાળા વિકાસના અંતરાયો દૂર કર્યા છે. જેમની દૃઢતાએ શિક્ષણકાર્યને ગતિ આપી છે. જેમની ભાવનાઓએ સાથી કર્મચારીઓની લાગણીઓને ઝંકૃત કરી છે. જેમના નેતૃત્વ નીચે કામ કરવું એ એક લ્હાવો છે. અને......

પ્રતિકૂળતાઓમાં પણ ચહેરા પર સ્મિત લાવી સૌને પ્રસન્ન રાખવામાં, ઉત્સાહી બનાવવામાં સદાય પ્રેરણાનો સ્રોત વહેવડાવ્યો છે, એવા.....

મુ. શ્રી વિઠ્ઠલભાઈ ઓઝા આજે ભલે આપણી વચ્ચે નથી પરંતુ તેમનું પ્રેરણાભાથું સદાય આપણી સાથે છે.

તો...

આવા હતા શિક્ષણ જગતમાં પંકાયેલા અને પોંખાયેલા આદર્શ શિક્ષક શ્રી વિઠ્ઠલભાઈ ઓઝા.

(અનુસંધાન પૃષ્ઠ ૭ થી ચાલુ)

અંતમાં એક છેલ્લા પ્રસંગની વાત :

સરસ્વતી નાગરિક સમાજ પૂર્વ વિદ્યાર્થીઓની મંડળી દ્વારા એવું નક્કી કરવામાં આવ્યું કે પૂર્વ શિક્ષકોનું સન્માન કરવું અને ગુરુદક્ષિણારૂપે ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપવી. મુરબ્બી શ્રી ગોપલાની સાહેબ તો આ પ્રસંગે લાંબી યાત્રાએ નીકળી ચૂક્યા હતા. અમે તેમના ઘરે ગુરુદક્ષિણા આપવા ગયા. તેમના પત્નીએ અમને જણાવ્યું, છોકરાઓના પૈસા તો લેવાય જ નહીં. ખૂબ વિનંતી કરી એકના બે ન થયા. પછી અમે તેમના પુત્રને વિનંતી કરી અને ખૂબ જ સમજાવટથી અમારી દક્ષિણા સ્વીકારી.

આવા નિષ્ઠાવાન, ઋષિતુલ્ય અમારા ગોપલાણી સાહેબને શિક્ષક દિને કોટિ કોટિ વંદન.

---

(અનુસંધાન પૃષ્ઠ ૨૨ થી ચાલુ)

યોગ્ય નથી. મિત્રોની ચકાસણી પણ જરૂરી છે. નિયંત્રણ જરૂરી છે.

મા-બાપને વ્યસન હોય પણ તે અંગે બાળકોને ખબર પડવી ન જોઈએ. મા-બાપે પ્રયાસ કરીને વ્યસનો છોડી દેવા જોઈએ. કેટલાંક મા-બાપ બાળક પાસે જ ગુટકા, તમાકુ, સિગારેટ, બીડી મંગાવતા હોય છે. આમ કરવું યોગ્ય નથી. વ્યસનોથી શું થાય તેની વાતો જ્યાં મળે ત્યાંથી લાવીને તેમને વાંચવા આપવી જોઈએ.

# આખ્યાનનું હાર્દ

**- ઈશ્વર પેટલીકર**

પ્રહલાદ્‌નું આખ્યાન નાનપણમાં સાંભળતાં મને એ સંસ્કાર પડેલા કે હિરણ્યકશિપુ પાપી છે અને પ્રહલાદ્‌ પુણ્યશાળી છે. આજે એ આખ્યાન ફરી વાંચતાં પ્રહલાદની ભક્તિનો મહિમા એટલો રહ્યો. પણ હિરણ્યકશિપુ પ્રત્યે જે ધિક્કાર હતો તે ચાલ્યો ગયો. એણે પુત્ર ઉપર આટલો બધો અત્યાચાર કેમ કર્યો, તેનો વિચાર કરતાં મને નવું દર્શન થયું.

હજારો વર્ષ ઉપરના હિરણ્યકશિપુની વાત જવા દઈએ અને આજની જ વાત લઈએ. આપણે હિંદુ હોઈએ અને આપણને ખબર પડે કે આપણો દીકરો મસ્જિદમાં જઈને નમાજ પઢે છે, તો આપણે શું કરીશું? આપણે મુસલમાન હોઈએ અને આપણો દીકરો શિવમંદિરમાં જઈ મૂર્તિને પગે લાગે, તો આપણે શું કરીશું?

આપણા સમાજના એક હિંદુએ વીસમી સદીના આરંભે, મોટી ઉંમરે, શ્રદ્ધાપૂર્વક, કોઈ પણ જાતના સ્વાર્થ વિના ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો ત્યારે, આપણે શું કર્યું હતું? એમનાં ખંડકાવ્યોથી ગુજરાતી સાહિત્યમાં જે અમર છે, તે કવિ ‘કાન્તે’ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો, ત્યારે એમનો કેવો બહિષ્કાર થયો હતો! બળવાખોર ગણાતા સાક્ષર બળવંતરાય ઠાકોરે એમના આ પગલાના વિરોધમાં લખી જણાવ્યું : આપણી મૈત્રીનો હવે અંત આવે છે!

આજે આપણને હાસ્યાસ્પદ લાગે કે કોઈ હિંદુ હોય કે ખ્રિસ્તી, મૈત્રીમાં શો બાધ આવે, ભલા? તે કાળે આપણું સમાજજીવન એટલી ધાર્મિક દીવાલોથી જકડાયેલું હતું કે એની બહાર જઈને પ્રતિષ્ઠાભેર જીવવું અશક્ય થઈ પડતું હતું. કવિ ‘કાન્ત’ને એ જ વાતાવરણની ગૂંગળામણથી પાછા હિંદુ થવું પડ્યું!

આ ભૂમિકાને સ્વીકારીને હજારો વર્ષ પહેલાંના ધર્મનાં બંધનોના ખ્યાલ કરીએ, તો હિરણ્યકશિપુનું પગલું સમજી શકાય તેવું છે. પુરાણકાળમાં ધર્મયુદ્ધો દ્વારા એક ધર્મ બીજા ધર્મ ઉપર પોતાની સર્વોપરિતા સાબિત કરવા પ્રયત્ન કરતો. એ કાળમાં અસુર કુળના હિરણ્યકશિપુનો દીકરો પ્રહલાદ આર્યકુળના ઈષ્ટદેવને ભગવાન માને, તે પિતાથી કેમ સહ્યું જાય? પોતાનો મનપસંદ ધર્મ પાળવાનો એને હક છે, એમ સમજીને પ્રહ્લાદે પિતાની વાત માની નહીં, એટલે તે પુત્રને મારી નાખવા તૈયાર થયો. તેનું કારણ ધર્મઝનૂન છે. પોતાનો દીકરો પરધર્મી બને તે એનાથી સહી શકાતું નથી. આથી ધર્મઝનૂનમાં અંધ બની એ દીકરાનો નાશ કરવા તૈયાર થયો છે. હિરણ્યકશિપુ રાક્ષસ છે, પાપી છે, એ દૃષ્ટિએ જોવાનો અર્થ નથી. પરંતુ એ જમાનામાં ધર્મઝનૂન કેવું હતું તે જોવાનો પ્રયત્ન કરવામાં આવે, તો તેની નિર્દયતાને પામી શકાય.

આ ઝનૂન કેવળ અસુરોમાં હતું એવું પણ નથી, રામ જેવા આદર્શ રાજવીમાં પણ તે સંસ્કાર જોવા મળે છે. વનવાસ વખતે રાવણની

બહેન શૂર્પણખા રામ-લક્ષ્મણ પાસે લગ્નની માગણી મૂકે છે. રામના કહેવાથી લક્ષ્મણ તેનાં નાક-કાન કાપી લે છે. રામમાં જે સંસ્કાર આપણે જોઈએ છીએ તે જોતાં, એ સ્થાને આર્યસ્ત્રી હોત તો એમણે એવી શિક્ષા ન કરી હોત. અસુરોનો નાશ કરવામાં કંઈ પાપ નથી, એવું આર્યઝનૂન ત્યાં જોવા મળે છે.

આજે પણ એવું ઝનૂન બીજી રીતે જોવા મળે છે. પોતાનો છોકરો કે છોકરી પરજ્ઞાતિમાં પરણવા તૈયાર થાય, તો એના ઉપર જોરજુલમના પ્રયત્નો હજુ ચાલે છે જ. એક વખત દીકરી પરણી ગઈ હોય તે પછી પણ, એ લગ્ન મંજૂર ન રાખતાં તેને પૂરી રાખી, એ પગલું ભૂંસી નાખવાના પ્રયત્નો થયા છે. એ રીતે પરણી ગયેલી દીકરી માટે ઘરનાં દ્વાર બંધ કરી વાત્સલ્યને કચડી નાખવાની હદ સુધી મા-બાપ ગયાં છે.

પ્રહ્લાદનું આખ્યાન પ્રથમ તો એ શીખવી જાય છે કે પિતાના ઈષ્ટધર્મ કરતાં પુત્રનો ઈષ્ટધર્મ જુદો હોઈ શકે. એ પાળવાનો પુત્રને સંપૂર્ણ હક છે, પિતાને એ અંગે વિરોધ કરવાનો હક નથી. એવી પ્રામાણિક માન્યતાને કારણે પુત્ર પિતાની આજ્ઞાનો અનાદર કરે, તો તે પુત્રધર્મ ચૂકે છે તેવું ન માનવું જોઈએ. આ બોધ કેવળ ધર્મના સ્થૂલ અર્થ પૂરતો મર્યાદિત રહે છે, એમ નહીં. કોઈ પણ માન્યતા અંગે પિતા પુત્ર વચ્ચે પ્રામાણિક મતભેદ ઊભો થાય, તો પુત્રને પોતાની માન્યતા પ્રમાણે વર્તવાની છૂટ છે. તે માટે પિતાનો ખોફ વહોરવો પડે, તો વહોરવા તૈયાર રહેવું જોઈએ.

એવો ખોફ ઉતારનાર વડીલોને હિરણ્યકશિપુનું પાત્ર સહિષ્ણુ થવાનો બોધ આપે છે. હિરણ્યકશિપુનું પગલું સાચું નથી એમ જો વડીલો માનતા હોય, તો પોતાના ઘરના પ્રહ્લાદના પ્રસંગ વખતે એમનાથી એવું પગલું ન ભરાય, એમ તેમણે સમજવું જોઈએ.

આમ તો આપણે બધા કહીએ છીએ કે, પ્રહ્લાદનું આખ્યાન અમે સાંભળ્યું છે, એ સાંભળ્યા છતાં જો દીકરાની ભિન્ન માન્યતા વખતે એને તેમ વર્તવાની સંમતિ સહિષ્ણુતાપૂર્વક ન આપીએ, તો આખ્યાનનું હાર્દ આપણે પામ્યા છીએ તેમ ન કહી શકીએ.

('વિ-વિદ્યાનગર'માંથી સાભાર)

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૨ થી ચાલુ)

'મારા ખેતરનો મગમગ બાજરો
અમે વાવ્યો
અમે લણ્યો
ઘંટીએ દળ્યો
એના ઘડ્યા મેં રોટલા રે લોલ!
મારે ઘેર જમવા આવજો રે લોલ!

હા, તો જમવા બોલાવવા માટે શેર દાણા છાબડીમાં નાંખીને ઘંટીએ જવું અને અનાજ દળાવી, લોટ લાવું. અનાજ દળાવવા માટે હવે જવું પડશે કાંગરા-હિમાચલ પ્રદેશ. શાંત અને આનંદમય રીતે વહેતા પાણીના પ્રવાહ સાથે ચાલવું અને તેના ભાવપૂર્ણ અવાજમાં ગૂંજતા ગીતોને સાંભળતા જવું. પણ અરે! નદીઓના કલરવ નાદ સાથે આ બીજો શેનો આનંદદાયક અવાજ છે? દૂર દૂરથી આવતો પ્યારો અને ન્યારો અવાજ! એ જ તો છે 'ઘરાટ'-એક અલોપ થતો વારસો!!!

# સખી માર્કંડી

- કાકાસાહેબ કાલેલકર

આપણે સૌ દેશની નદીઓની પરિસ્થિતિથી ચિંતિત છીએ. દેશની તમામ નાની-મોટી નદીઓને કિનારે શહેરીકરણ થયું છે. શહેરની ગંદકી નદીઓમાં ઠલવાય છે. ડેમને કારણે પર્યાવરણનું સંતુલન પણ ખોરવાયું છે. ત્યારે અમને કાકાસાહેબ કાલેલકરના નદી ઉપરના નિબંધો યાદ આવ્યા. ''જીવનલીલા'' માં કાકાસાહેબે ભારતની નદીઓનો પરિચય જુદા જ દૃષ્ટિકોણથી કરાવ્યો છે. અમે આ નિબંધો ક્રમશઃ પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો છે. જે ઘરશાળાના વાચકોને જરૂર ગમશે.

- તંત્રી

શું દરેક નદી માતા જ હોય છે? ના. માર્કંડી તો મારી નાનપણની સખી છે. એ એટલી નાની છે કે એને હું મોટી બહેન તરીકે ન ઓળખાવી શકું.

બેળગુંદીના અમારા ખેતરમાં ઊમરાના ઝાડ તળે બપોરની છાયામાં બેઠો હોઉં ત્યારે માર્કંડીનો મંદ પવન જરૂર બોલાવવાનો. માર્કંડીને કાંઠે કેટલીયે વાર બેઠો છું, અને પવનનાં મોજાંથી ડોલતાં ઘાસનાં પાનાં કલાકો સુધી જોયા કર્યાં છે. માર્કંડીને કાંઠે અસાધારણ અદ્‌ભુત એવું કશું નથી. ખાસ ફૂલો નથી, જાતજાતના રંગવાળાં પતંગિયાં નથી, રૂપાળા પથરાયે નથી. પોતાના કલકૂજિતથી ચિત્તને અસ્વસ્થ કરે એવા નાનામોટા પ્રપાત ક્યાંથી જ હોય? ત્યાં છે ફક્ત પ્રેમળ શાંતિ.

ભરવાડો કહે છે કે માર્કંડી વૈજનાથના ડુંગરમાંથી આવે છે. મને એનું મૂળ શોધવાની કદી ઈચ્છા થઈ નથી. અમારા તાલુકાનો નકશો હાથમાં આવે તોયે એમાં માર્કંડીની લીટી હું ન શોધું, કેમ કે તેમ કરતાં એ સખી મટી નદી થઈ જાય! મને તો એના પાણીમાં મારા પગ છોડીને બેસવાનું જ ગમે છે. પગ મૂક્યો કે તરત જ ખળખળ ખળખળ એવો અવાજ શરૂ થાય. નાનપણમાં અમે કેટલીય વાતો કરતાં. એકબીજાનો સહવાસ જ અમારા આનંદને માટે બસ થતો. માર્કંડી શું બોલે છે તે સમજવાની હું દરકાર ન કરું અને હું જે બોલું એનો અર્થ કરવા માર્કંડી ન થોભે. અમે એકબીજાને ઉદ્દેશીને બોલીએ છીએ એટલું જ બંનેને બસ હતું. ભાઈબહેન ઘણે વરસે મળે એટલે એકબીજાને હજાર સવાલ પૂછે. પણ એ સવાલો પાછળ જિજ્ઞાસા નથી હોતી; એ તો પ્રેમ વ્યક્ત કરવાનો એક પ્રકાર હોય છે. સવાલ શો પૂછ્યો અને જવાબ શો મળ્યો એ તરફ ધ્યાન રાખવા જેટલી સ્વસ્થ વૃત્તિ પ્રેમમિલન વખતે ક્યાંથી રહે?

માર્કંડીને કાંઠે કાંઠે હું ગાતો ફરું અને માર્કંડી સાંભળતી જાય. સોળમે વર્ષે પોતાને લઈ જવા આવેલા યમરાજને શિવભક્તિને જોરે પાછા ઠેલનાર માર્કંડેય ઋષિનું આખ્યાન ગાતાં મને કેટલો આનંદ થતો!

મૃકંડુ ઋષિને સંતાન ન હતું. એણે તપશ્ચર્યા કરી મહાદેવને પ્રસન્ન કર્યા. મહાદેવે વરદાનમાં વિકલ્પ મૂક્યો.

(અનુસંધાન પૃષ્ઠ ૩૭ ઉપર)

# શિક્ષકને શ્રદ્ધાંજલિ

**- હીરાલાલ એન. છોડવડીયા**

આજે એક એવા શિક્ષકની વાત કરવી છે કે તેમના જેવી પ્રામાણિકતા, ભણાવવાની અભિરૂચિ, આળસનો અભાવ, એકાગ્રતા છે કે સહજતા અને સમયપાલન જેવા સદ્‌ગુણો ખૂબ જ ઓછા વ્યક્તિઓમાં જોવા મળે છે.

લગભગ ૧૯૭૦ના દસકામાં સરકાર માન્ય ખાનગી માધ્યમિક શાળાના શિક્ષકોનો પગાર સરકાર કરે. બેંકમાં ખાતામાં સીધો પગાર જમા થાય. સરકારી નિયમ મુજબ ઘરભાડાં ભથ્થુ મળે પરંતુ તેના માટે ભાડા-ચિઠ્ઠી આપવી પડે. ગુજરાતના બધા જ શિક્ષકો આવી ભાડા ચિઠ્ઠી આપે. આ શિક્ષક ભાડા ચિઠ્ઠી ન આપે. કારણ એ કે હું પોતે પોતાના પિતાના માલિકીના મકાન રહું છું, હું ક્યાં ભાડું ભરું છું, કે ખોટી ભાડા ચિઠ્ઠી આપું. કદાચ સમગ્ર ગુજરાતમાં આવી વ્યક્તિ એકાદ જ હશે. સરકારે આ નિયમ રદ કર્યા પછી સીધુ ઘરભાડું આપતા તેમને મળ્યું. ખોટું બોલીને કે ખોટું કરીને કોઈ લાભ ન જ લેવો. એવો એમનો સિદ્ધાંત જીવનભર પાળ્યો. (આ માહિતી આપનાર તેમના તે સમયના સહકાર્યકાર અને અસારવાના ભૂતપૂર્વ આચાર્યશ્રી કેશુભાઈ પટેલ)

કર્તવ્ય નિષ્ઠ એવા કે એમના પિતાના મૃત્યુ વખતે અગ્નિસંસ્કાર, બેસણાંના દિવસ અને વિધિના દિવસની કુલ ૩ રજા અને બાકીના દિવસોમાં શાળામાં હાજર. કર્તવ્યનું સદા સ્મરણ. શાળાના બાળકોનું હિત સદા તેમના હૃદયમાં વસેલું, સમયપાલનમાં એટલાં જ ચોક્કસ. મોડું પડવું એ શબ્દ એમની ડિક્ષનરીમાં નહીં, વિષયના જાણકાર એવા કે તેમની સાથે વિષયની ચર્ચામાં જીતવું અશક્ય.

અમદાવાદની સરસપુરમાં વાસણશેરીમાં આવેલી પંચશીલ હાઈસ્કૂલમાં અંગ્રેજીના શિક્ષક. ત્યાંથી દિવાન બલ્લુભાઈ પાલડી શાળામાં ગયા અને ત્યાંથી રીટાયર્ડ થયા. કોરાનાના કપરા સમયમાં અવસાન પામ્યા.

દિલના એટલા વિશાળ કે જે વિદ્યાર્થીએ પંચશીલમાં આચાર્યને ફરિયાદ કરી હતી કે સાહેબ ભણાવે છે તેમાં ખબર નથી પડતી તે જ વિદ્યાર્થીને સમય જતાં માફ કરીને પોતાનો પ્રિય વિદ્યાર્થી માનતા. કમનસીબ કે સદનસીબ એ વિદ્યાર્થી હું જ હતો અને છું. આવા મહા-માનવ, આદર્શ **શિક્ષકશ્રી વસંતભાઈ વ્યાસ**ને કોટિ કોટિ વંદન.

(ફ્રીમોન્ટ, કેલિફોર્નિયા, અમેરિકા)

❀ ❀ ❀

આપણે આપણા જીવન માટે માતા પિતાના ઋણી છીએ પરંતુ સારા વ્યક્તિત્વ માટે આપણે એક શિક્ષકના ઋણી છીએ.

શિક્ષક દિવસની શુભેચ્છા...

❀ ❀ ❀

# ફરિયાદ કોની સામે?

- પ્રવીણ દરજી

હા, શિક્ષણજગતના પ્રવર્તમાન સમયના દિદાર નિહાળીને શૂન થઈ જવાય તેવું તો પાર વિનાનું છે. હજી આવા અનુભવો અથવા આનાથી પણ વધુ સ્તબ્ધ કરી મૂકે તેવા અનુભવો કેટલાક વાલીઓ કે વિદ્યાર્થીઓને, સાચા શિક્ષણચાહકોને જરૂર થયા હશે. તેઓને પણ શિક્ષણના આ પિરામીડની એકે એક ઈંટને લૂણો લાગી ગયો છે તેવું કહેવાનું હશે જ. દૈનિક છાપાંઓમાં, ટી.વી. કે અન્ય સમૂહ માધ્યમોમાં એ પ્રકારના દુઃખદાયક સમાચારો આવતા રહે છે. શિક્ષણ સંદર્ભે રાજ્ય કે રાષ્ટ્ર સ્તરે થતા વિચારવિમર્શમાં પણ પૂર્વ નિશ્ચિત સૂરજ સંભળાયા કરે છે. શાસકોની મીઠી નજર માટે ત્યાંય હોડ બકાય છે અને શિક્ષણ પરિવર્તન માટે એકત્રિત થયેલા પેલા 'પરિવર્તન'ને બદલે ભળતાં પરિવર્તનના નિર્ણયો પર મત્તું મારી આપે છે! યુનિવર્સિટીઓ, શાળા-કૉલેજો સંસ્કાર-સંસ્કૃતિ-શિક્ષણનાં ધબકતાં કેન્દ્રો થવાને બદલે બહુશઃ શાસકો કે સરકારી વિચારધારાનાં વાહકો જ બની રહેતાં કોઈને જણાય તો નવાઈ નહીં. કહો કે હિમશીલતાની આ તો ટોચ જ છે, બાકી દસ ગણું અંદર ભંડારાયેલું જોવા મળે બધું જ જગજાહેર છે અને છતાં બધું જ ખાનગી છે! રે, શિક્ષણ, આ તે શા તુજ હાલ!

પણ એક સાચો શિક્ષક છું તેથી આવી હતાશા પછી પણ સારા શિક્ષણ કે શિક્ષણજગત માટેની મારી તીવ્રતા, મારા આદર્શો, મેં અકબંધ રાખ્યાં છે. જ્યાં જરૂર પડે ત્યાં હું મારો દીવો પેટાવું છું. તેના પ્રકાશમાં કેટલાક સ્વચ્છ ચિત્રો જોઉં છું, અને મારી સકારાત્મકતાને દ્વિગણિત કરું છું. હું માનું છું કે આઝાદી પછીના સાત દાયકાઓથી પણ વધુ સમયમાં શિક્ષણની ચિંતા કરનારા પ્રામાણિક માણસો નથી મળ્યા એમ નહીં. કેટલાકોએ તે દિશામાં સક્રિયતા પણ દાખવી છે. પણ અપેક્ષિત પરિણામોથી આપણે દૂર ને દૂર રહ્યા છીએ. પ્રામાણિક નાગરિક ઘડતરનો ગ્રાફ ઊંચો જવાને બદલે નીચે ને નીચે જાય છે. શિક્ષણને સરકારી નિયંત્રણોથી દૂર રાખીને ન્યાયતંત્ર જેવો સ્વતંત્ર દરજ્જો આપી રહેવાનું સમણું સમણું જ રહ્યું છે, ઉલ્ટાનું શિક્ષણનું સરકારીકરણ થઈ ગયું છે તેવું માનનારાઓની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. અંગ્રેજી શિક્ષણ વિશે સતત વિરોધનો સૂર સંભળાતો જ રહે છે, છતાં સાતદાયકાથી વધુ સમયમાં તેની સામે કોઈ સબળ વિકલ્પ ઊભો કરી શક્યા નથી. અંગ્રેજી કેળવણીએ ઊભાં કરેલાં શિસ્ત, સંયમ, સમયબદ્ધતા, પ્રામાણિકતા જેવાં કેટલાંક વાનાંને આજે પણ યાદ કરવાં પડે છે. ઊલટાનું પ્રવર્તમાન શિક્ષણમાં એટલાં પોલાણો ને તિરાડો ઊભી થઈ છે કે બાવાનાં બે ય બગડ્યાં જેવું લાગે. શિક્ષણ સર્વ સ્તરે લેતી-દેતીનો રોજિંદો વ્યવહાર બની ગયું છે તેવું જગજાહેર છે. છતાં તેની સામે આંખ આડા

કાન કરીને વાત આગળ વધતી રહે છે. કોણ છે આવાં તત્ત્વોને પુષ્ટિ આપનાર? કોણ છે આવાં તત્ત્વોને છાવરનવાર? કોના થકી શિક્ષણ જગત પણ આજે કહેવાય છે તેમ માફિયાગીરીવાળું બની ગયું? રસ્કિન જેવા તરત યાદ આવશે-અરે, પ્રામાણિકતાથી તો શિક્ષણનો પ્રારંભ થાય છે. ક્યાં છે એ પ્રામાણિકતા? શિક્ષણ, શિક્ષણ કેન્દ્રો બની રહ્યાં છે. કુલપતિ, આચાર્ય સઘળા સક્રિય રહીને તે બધું ચાલવા દે છે કે ચલાવી રહે છે. કહો, શિક્ષણ કે શિક્ષક પછી રણમાં સિંચાઈ કરીને ઉત્તમ સમાજ કઈ રીતે નિર્મી શકશે?

કમિશનો તો સમયે સમયે મળ્યાં. તેમની શુભનિષ્ઠા માટે પણ શંકા કરવા જેવી નથી. પણ જે તે સમયે જે લોકોને એ સઘળું કાર્યાન્વિત કરવાનું હતું, તે રીતે કાર્યાન્વિત થયું છે ખરું? નથી થયું તો તેના કારણો તપાસવાં જોઈએ. તેના અમલ માટે શાસને તકાજો કરવો જોઈએ. હંટર કમિશનના પાયામાં શૈક્ષણિક વિસંગતિઓ પ્રતિ ધ્યાન દોરાયું જ હતું. શિક્ષણ સમાજના હાથમાં, સ્વતંત્ર શિક્ષણ જગતના હાથમાં હોવું જોઈએ એ કેન્દ્રસ્થ વિચાર પર પૂરતો ભાર મૂકાયો તો. ભારતીય શિક્ષણ પદ્ધતિને પ્રાચીન શિક્ષણ પદ્ધતિ સાથે અમુક અંશે સમન્વિત કરવા પર વિચારણા થઈ હતી. પણ છેવટે મોટાભાગનું તો જૈસે થે જ રહ્યું. સેડલર કમિશને પણ સમયસર તે સમયે શિક્ષણના બિનજરૂરી વધતા વ્યાપ વિષે ચિંતા કરી હતી. તેના પરથી શિક્ષણની મહત્તા ન અંકાય તેમ પણ કહેવાયું હતું. આજે એ જ મુદ્દો આપણી સામે તેના વિકરાળ સ્વરૂપે સામે આવીને ઊભો છે. કોઈએ તેમાંથી કશો બોધપાઠ ન મેળવ્યો. ગુણવત્તાનો પ્રશ્ન પણ ત્યાં ઉઠાવાયો હતો. ગુણાત્મકતાના અભાવની પણ તાર-સ્વરે વાત થઈ હતી. આ બધું જ આજના શિક્ષણ સામે આયનો ધરવા જેવું બની રહે તેમ છે. પણ શિક્ષણની આસપાસ પ્રવર્તમાન સમયમાં જે જૂથો, વધુ તો શિક્ષણેત્તર કારણસર સક્રિય છે, તેઓને આ વિશે કોઈ ચિંતા જ નથી.

રાધાકૃષ્ણન કમિશનનું કાર્યક્ષેત્ર કૉલેજ યુનિવર્સિટીઓ પૂરતું હતું. ત્યાં પણ આર્થિક બાબતો, અધ્યાપકનું સ્તર અને શિક્ષણ સાથે સંલગ્ન ઇતર પ્રવૃત્તિઓનો ચિતાર મળે છે. તેમાંના ઘણા મુદ્દા આજે પણ વિચારણીય રહ્યા છે. મુદાલિયર કમિશન કંઇક વધુ નક્કર રૂપે પોતાના અભિપ્રાયો રજૂ કરતું જોવા મળે છે. શિક્ષણ જગતનાં વરવાં રૂપોને સાચી રીતે ત્યાં દર્શાવી આપ્યાં છે. આદર્શ અને વાસાવ વચ્ચેની ખાઈ પણ ત્યાં બતાવાઈ છે. બીબાંઢાળ અભ્યાસક્રમો વડે જીવન સાથે સંબંધ જોડાતો નથી તે ત્યાં સ્પષ્ટ કરાયું. અભ્યાસક્રમો, તેનું અપાતું શિક્ષણ ક્રિયાકાંડ ન બનવાં જોઇએ તેની ખાસ ત્યાં જિકર થઇ. કહેવાતી જ્ઞાનભૂખ સાચી ભૂખ નથી એ વાત સ્પષ્ટ કરી ત્યાં અન્ય વિકલ્પોની વિચારણા કરવા વિશે કહેવાયું છે. શિક્ષણ સંકુચિતતા તરફ ઢળી રહ્યું છે તેની પણ સ્વષ્ટરૂપે નોંધ લેવાઈ છે. આ ખરી તો પણ આજે ધ્યાનમાં રાખવા જેવો છે.

આજે જે ભારતના પુનનિર્માણની વાત જોરશોરથી થઈ રહી છે તે કોઠારી કમિશનમાં પણ જોવાય છે. વ્યક્તિ-સંપન્નતા પર ત્યાં ઝોક રહ્યો છે. ઉદ્યોગો, વ્યવસાયો વગેરેની સાથે

(અનુસંધાન પૃષ્ઠ ૩૩ ઉપર)

# અભિમાની હાથી

- અર્જુનસિંહ કે. રાઉલજી

સુંદર વન નામે વન. ત્યાંનો રાજા કેસરી સિંહ હવે ઘરડો થઈ ગયો હતો. અશક્ત એટલો બધો થઈ ગયો હતો કે તે પોતાના ખોરાક માટે પણ મોટા શિકાર કરી શકતો નહોતો. માંડ માંડ નાના નાના સસલાં જેવા જ શિકાર કરીને પોતાનું પેટ ભરતો હતો. આથી જંગલનો વહીવટ પણ તેણે પોતાના મંત્રી હનુ હાથીને જ સોંપી દીધો હતો. પરિણામે હનુ હાથીને અભિમાન આવી ગયું હતું કે જંગલમાં તે એકલો જ બળવાન છે, હોંશિયાર છે...! પરિણામે તે જંગલમાં ફરવા નીકળે ત્યારે પણ એવી અપેક્ષા રાખે કે જંગલના પશુ-પક્ષીઓ તેને સલામ કરે...! કેટલીક વખત તો નાનાં નાનાં પશુ-પક્ષીઓ પણ તેની મશ્કરી કરતાં..!

તે દિવસે પણ એવું જ થયું. હનુ હાથી વટભેર રાડો પાડતો ફરવા નીકળ્યો હતો. ત્યાં એક ઝાડ ઉપર તેણે પોપટને બેઠેલો જોયો. પોપટ મેના સમક્ષ નૃત્ય કરતો હતો. હનુ હાથીને લાગ્યું કે આ પોપટને બોધપાઠ ભણાવવો જોઈએ. તે હનુ હાથીને જોઈને તેને સલામ કરવાના બદલે પોતાના નાચ ગાનમાં જ મસ્ત છે. આથી હનુએ જોરથી બૂમ પાડી, પો..પ...ટ...ડા... હું આવું છું તો પણ મારું માન જાળવતો નથી, મને સલામ કરતો નથી...? તને શિક્ષા જ કરવી પડશે..! ‘‘તેની વાત સાંભળી પોપટ વધારે ખિજાયો અને જોરથી ડાન્સ કરતાં કરતાં ચાળા પાડી બોલ્યો’’, ઓ...હ...નું...ડા...હાથી..ડા...ચલ ચલ ચાલતો થા..’’

પોપટની વાત સાંભળી હાથી વધારે ગીન્નાયો... તેણે જોરથી પોતાની સૂંઢ પોપટ તરફ લંબાવી. પોપટને આથી વધારે મજા પડી. તે ઊડીને ઉપરની ડાળી ઉપર બેસી ગયો અને બોલ્યો, ‘‘જાને હવે છાનોમાનો હા..થી..ડા...’’ એટલે હાથી વધારે ખિજાયો. તેણે સૂંઢથી આખું ઝાડ થડમાંથી પકડી હચમચાવી નાખ્યું. પોપટ ઉપર તેની કોઈ અસર ના થઈ, ઉલ્ટાનો તે વધારે જોરથી તેને ખીજવવા લાગ્યો, ‘‘હ...નુ...હા...થી...ડો...હા...હા...હા...’’ હનુ હાથીને આથી વધારે ગુસ્સો આવ્યો. તેણે તો આખું ઝાડ ઉખેડીને ફેંકી દીધું.. પોપટને તો શું? તે તો ઊડીને બીજા ઝાડ ઉપર જઈ બેસી ગયો અને ફરીથી મસ્તીથી ગીતો ગાવા લાગ્યો.

હાથી ફરતો ફરતો નદી કિનારે ગયો. તો નદીકિનારા ઉપરના એક ઝાડના થડ પાસે બેચાર કીડીઓ નાના નાના લાડુના ટુકડા લઈ પોતાના દર તરફ જઈ રહી હતી. ત્યાં જોરથી બૂમ પાડી, ‘‘ઓ કીડી, તમારો સામાન મૂકી મને સલામ કરો.’’ એક કીડી બોલી, ‘‘હાથીભાઈ, અમારા સામાનને અમે નીચે મૂકીએ તો તે પલળી જાય, અમારાં કામમાં ના આવે.’’

‘‘હું કઈ ના જાણું... મને સલામ કરો..’’ કીડીઓએ તેને સલામ કરી અને ચાલતી રહી - પોતાના દર તરફ, આથી

હાથીએ પોતાની સૂંઢથી કીડીઓ ઉપર ફૂંક મારી. કીડીઓ ઊડીને નીચે પડી, તેમની પાસેના લાડુના કણો હવામાં ઊડી ગયા અને કીડીઓ રડવા લાગી. તેમના તરફ જોઈ હનુ હાથી બોલ્યો, ''જાઓ, આજે તો આટલી જ શિક્ષા કરી જાવા દઉં છું, પણ ફરીવાર મને સલામ કરજો, નહીંતર જોરથી ફૂંક મારીશ કે હવામાં જ અધ્ધર થઈ જશો અને પછી પછડાઈને મરી જશો. હાથી તો ધમધમ કરતો રોફભેર ચાલ્યો ગયો. કીડીઓ રડતી રડતી પોતાના દરમાં જતી રહી. દરમાં તેમના દાદા આરામથી બેઠાં હતાં. કીડીઓને રડતી જોઈ તે બોલ્યા, ''શું થયું છે તમને? તમે રડો છો કેમ?'' જવાબમાં કીડીઓએ હનુ હાથીની દાદાગીરીની વાત કરી. આખી વાત સાંભળ્યા પછી દાદા બોલ્યા, ''હં તો એમ વાત છે? એ હાથીડાને બોધપાઠ તો ભણાવવો જ પડશે, તેનું અભિમાન ઉતારવું પડશે, તો જ તેની શાન ઠેકાણે આવશે..'' કહી દાદાએ થોડી વાર વિચાર કર્યો, પછી કીડીઓને એક યુક્તિ બતાવી. દાદીજીની યુક્તિ સાંભળી કીડીઓ ખુશ થઈ ગઈ, અને પછી દાદાજીની યુક્તિનો અમલ કરવા માટે યોગ્ય તકની જોવા લાગી..!

બહુ જલ્દી કીડીઓને એ તક મળી ગઈ. તે દિવસે હનુ હાથી ખૂબ જ થાકી ગયો હતો, આથી નદીકિનારે પીપળાના ઝાડ નીચે છાંયડામાં નિરાંતે ઊંઘતો હતો. તેને કોઈ વાતની ચિંતા નહોતી, અને પેલી તે દિવસ વાળી કીડીઓ જ બહારથી ફરીને આવતી હતી. તેમણે હાથીને નિરાંતે ઊંઘતો જોઈ, એક બીજાને ઈશારો કર્યો, અને પછી ચૂપચાપ હાથીની સૂંઢમાં એક પછી એક હાથીને ખબર પણ ના પડે એ રીતે ધીરે ધીરે પેસી ગઈ. કીડીઓ તો લાલ કીડીઓ હતી. સૂંઢમાં પ્રવેશ્યા પછી તેમણે અંદરથી ચટકા મારવાનું ચાલુ કર્યું. હાથી તો જાગી ગયો, બૂમાબૂમ અને ચીસાચીસ કરવા માંડ્યો, ''કોઈ બચાવો મને...મારી સૂંઢમાં કોણ છે? બહાર નીકળ, નહીં તો હું મરી જઈશ..'' તે સૂંઢ પછાડી પછાડી ધમપછાડા મારવા માંડ્યો, કુદવા માંડ્યો. અંદર કીડીઓને તો મજા પડતી હતી. તેઓ હસતી હતી. એક કીડી બોલી, ''જોયું ને? શેરના માથે સવાશેર મળ્યો'ને? તે દિવસે અમને ઊડાડી મૂકી'તી... હવે ખબર પડીને? બોલ હવે કોઈને ધમકાવીશ? ડરાવીશ? ડરાવીને સલામ કરવા ફરજ પાડીશ?''

''ના બાપા, ના.. તમે હવે બહાર નીકળો, કહો તો હું તમને સલામ કરું?''

બધી કીડીઓ એક પછી એક સૂંઢમાંથી બહાર નીકળી હસતી હસતી ચાલી ગઈ. હનુ હાથી હવે સુધરી ગયો. હવે તે કોઈની ઉપર દાદાગીરી કરતો નહોતો અને બહુ નમ્રતાથી વાત કરતો હતો...!

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૧ થી ચાલુ)

કેળવણી, પાઠ્યપુસ્તકો-અભ્યાસક્રમમાં સુધારો, મૂલ્યનિષ્ઠા વગેરે પર લક્ષ રખાયું છે. અર્વાચીન શિક્ષણનાં અનેક દોષો ત્યાં ચર્ચાયા છે. ઈશ્વરભાઈની કમિટીએ શ્રમકાર્યની વાત વિદ્યાર્થીઓના સંદર્ભે કરી છે. કહેવા દો કે આ સર્વમાં ઘણી મહત્ત્વની વાતો છે, યાદ રાખવા જેવી વાતો છે. પણ લોચન ઉઘાડનાર શિક્ષણ અને તેની સાથે જોડાયેલ તત્ત્વો જ લોચન બંધ રાખીને બેઠા હોય ત્યારે ફરિયાદ કોની સામે કરવી?

# ભારતના યુવાનોમાં ડિપ્રેશન-ગંભીર સમસ્યા

- ડૉ. દર્શક કે. પરમાર

ડિપ્રેશન એ એક સામાન્ય માનસિક વિકાર છે. જે બાળકો અને કિશોરો સહિત તમામ વય જૂથોમાં જોવા મળે છે. ભારતમાં યુવાઓમાં ડિપ્રેશન વધવા અંગે ચિંતા વધી રહી છે. યુનાઈટેડ નેશન્સ ૧૫ થી ૨૪ વર્ષની વય વચ્ચેના લોકોને યુવાનોને વ્યાખ્યાયિત કરે છે. આ વયજૂથમાં ભારતીય વસ્તીના ૧૦%નો સમાવેશ થાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના અંદાજ મુજબ, ૩૨૨ મિલિયન લોકો, જે વિશ્વની વસ્તીના ૪.૪% જેટલા છે, હતાશાથી પીડાય છે. ડિપ્રેશન એ વિશ્વભરમાં રોગના બોજના મુખ્ય કારણોમાંનું એક છે અને તેને અપંગતાના બીજા અગ્રણી કારણ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. તે રોગોના વૈશ્વિક ભારણમાં પણ મુખ્ય ફાળો આપનાર તરીકે ગણવામાં આવે છે. ડિપ્રેશનનો ભોગ હવે બાળકો અને કિશોરો પણ બને છે. WHOના મત મુજબ તે ૨૦૩૦ સુધીમાં વિકલાંગતાનું મુખ્ય કારણ હોવાનું અનુમાન છે. તાજેતરના અભ્યાસો દર્શાવે છે કે ભારતમાં યુવાનોમાં ડિપ્રેશનનો દર વધી રહ્યો છે. યુનિસેફના અહેવાલ મુજબ ભારતમાં ૧૫ થી ૨૪ વર્ષની વયના સાતમાંથી એક યુવાન હંમેશાં હતાશા અનુભવે છે. જે તેમની સુખાકારી અને જીવનની એકંદર ગુણવત્તા માટે લાંબાગાળાની ગંભીર અસરો ઊભી કરી શકે છે.

સંશોધકોએ ભારતીય યુવાનોમાં હતાશા સાથે સંકળાયેલા સંખ્યાબંધ પરિબળોની ઓળખ કરી છે. આ પરિબળો આનુવંશિક અને જૈવિક હોઈ શકે છે, જેમ કે હતાશાનો પારિવારિક ઈતિહાસ અને મગજના રસાયણશાસ્ત્રમાં ફેરફાર અને/અથવા પર્યાવરણીય અને સામાજિક પરિબળો, જેમ કે શૈક્ષણિક દબાણ, માતાપિતાની અપેક્ષાઓ, સોશિયલ મીડિયા, બદલાતા સામાજિક ધોરણો, તણાવ અથવા આઘાતનો સંપર્ક, મિત્રોનું વલણ, લિંગભેદ, આરોગ્યની સમસ્યાઓ, પારિવારિક તથા સામાજિક સમસ્યાઓ અને આર્થિક મુશ્કેલી મુખ્ય છે. વધુમાં, ભારતમાં માનસિક સ્વાસ્થ્યનો ભોગ બનેલા વ્યક્તિઓને મદદ અથવા સારવાર મેળવવાથી અટકાવી તેમની સમસ્યાને વધારે છે. અન્ય દેશોમાં કિશોરોમાં માનસિક સ્વાસ્થ્યની સ્થિતિ સારી રીતે જાણીતી હોવા છતાં, ભારતીય કિશોરોમાં ડિપ્રેશનની તીવ્રતા અને સંબંધિત પરિબળો વિશે બહુ ઓછું જાણીતું છે. માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા માટે ભારતમાં યોગ્ય નીતિઓની રચનાને સક્ષમ કરવા માટે ડિપ્રેશનના વ્યાપ અને સંબંધિત પરિબળો પરના અભ્યાસોને પ્રોત્સાહન આપવું જોઈએ.

ભારતીય યુવાનોમાં હતાશાના મુખ્ય પરિબળોમાંનું એક શૈક્ષણિક રીતે સફળ થવાનું દબાણ છે. ભારતીય માતા-પિતા ઘણીવાર

તેમના બાળકોના શિક્ષણ પર ખૂબ ભાર મૂકે છે. પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં સ્થાન સુરક્ષિત કરવા અને ઉચ્ચ પગારવાળી નોકરી મેળવવા માટે તીવ્ર સ્પર્ધા છે. આ સ્પર્ધાત્મક વાતાવરણમાં ટકી રહેવા માટે યુવાનો ખૂબ જ મહેનત કરતા હોય છે અને આ મહેનત કરી જ્યારે પરીક્ષા આપવા જાય છે ત્યારે પરીક્ષામાં ગેરરીતિ કે પરીક્ષામાં પેપર ફૂટવાના કારણે મહેનત કરતા યુવાનો નિરાશ થઈ જાય છે અને તેના કારણે યુવાનોમાં હતાશા આવી જાય છે. આજના સમયમાં આ એક મોટું કારણ ઉદ્‌ભવેલું છે. આ હતાશ થયેલા યુવાનો ગેરમાર્ગે જલ્દીથી દોરાઈ જાય છે. જો નજીકના ભવિષ્યમાં આ કારણને યોગ્ય રીતે નિકાલ કરવામાં નહીં આવે તો હતાશ યુવાનોની સંખ્યા પણ વધતી રહેશે.

હમણાં લેવાયેલી કેટલીક પરીક્ષાઓ નીટ યુ.જી, નીટ પીજી, જેવી પરીક્ષાના પણ પેપર ફૂટી જવાના કારણે અથવા તો પરીક્ષા બંધ રહેવાના કારણે ભારતના સુપર સ્કોલર ગણાતા યુવાનો પણ હતાશાનો ભોગ બને છે અને આ યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષા માટે સૌથી વધુ મહેનત કરતા હોવાથી તેમનામાં હતાશા પણ જલ્દી આવી જાય છે. કારણ કે તેમણે તેમના જીવનકાળ દરમિયાન અભ્યાસની જ મુખ્ય પ્રવૃત્તિઓ હોય છે. બીજી ઈત્તર પ્રવૃત્તિઓમાં તેઓ તેમાં ભાગ લેતા નથી. ખરેખર આ બાબતમાં સરકારે તથા સમાજે પૂરતું ધ્યાન આપવાની જરૂર છે અને યોગ્ય પગલાં લેવાશે તો જ પરિસ્થિતિ સુધરશે, નહીં તો દિવસે દિવસે પરિસ્થિતિ ખરાબ થવાની પૂરી શક્યતાઓ રહેલી છે. એક ન્યૂઝ એજન્સીના સર્વે મુજબ ૭૩% વિદ્યાર્થીઓ પેપર લીકની ઘટના માટે સરકારને જવાબદાર માને છે અને ૯૧% વિદ્યાર્થીઓ ઘટના માટે પરીક્ષા લેતી એજન્સીને જવાબદાર માને છે. ૮૩% વિદ્યાર્થીઓ એમ માને છે કે તેમની પરીક્ષામાં છેતરપિંડી થાય છે. ૮૨% વિદ્યાથીઓએ રાજ્યોના વિવિધ પસંદગી બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓને ખામીયુક્ત ગણી છે. આમ જેના ઉપર પરીક્ષાની જવાબદારી છે તે જ પેપર લીકની ઘટના કરતી હોય તેમ વિદ્યાર્થીઓ માનતા હોય તો તેમનામાં હતાશાનું પ્રમાણ વધે એમાં કોઈ શક નથી. કારણ કે આ પરીક્ષાઓથી જ યુવાનોની કારકિર્દી બનતી હોય છે અને તે માટે તેઓ અથાક પ્રયત્નો પણ કરતા હોય છે.

સોશિયલ મીડિયા એ અન્ય એક પરિબળ છે, જે ભારતમાં યુવા વયસ્કોમાં ડિપ્રેશનમાં વધારો કરવા માટે ફાળો આપી રહ્યું છે. ઘણા યુવાનો દરરોજ સોશિયલ મીડિયા પર કલાકો વિતાવે છે, પોતાની જાતને અન્ય લોકો સાથે સરખાવે છે અને અપૂરતું લાગે છે. આ નીચા આત્મસન્માન, એકલતા અને હતાશાની લાગણીઓ તરફ દોરી શકે છે. બદલાતા સામાજિક ધોરણો પણ ભારતમાં યુવા વયસ્કોમાં ડિપ્રેશનના વધારામાં ફાળો આપી રહ્યા છે. વધુમાં, કોવિડ રોગચાળાએ ભારત સહિત સમગ્ર વિશ્વમાં યુવાનો દ્વારા સામનો કરી રહેલા માનસિક સ્વાસ્થ્ય પડકારોને વધુ વધાર્યા છે. રોગચાળાએ તેમની દિનચર્યાઓ, સામાજિક જોડાણો અને શિક્ષણમાં વિક્ષેપ પાડ્યો હતો

જેના કારણે તણાવ, ચિંતા અને હતાશામાં વધારો થયો છે.

ડિપ્રેશન તમારા મનની નકારાત્મક અવસ્થા છે જે તમારી માનસિક શક્તિઓ, ઈચ્છાઓ અને મનોબળને નબળું પાડી દે છે. આ સંજોગોમાં તમને સારું લાગે તે માટે જરૂરી એવી બાબતોમાં મન પરોવવું પણ તમારા માટે અઘરું બની જતું હોય છે. સમજી શકાય એવું છે કે ડિપ્રેશન સામે લડત આપવી એ સહેલી વાત નથી પરંતુ સાથે સાથે એ પણ યાદ રાખવું કે આ લડત આપવી અશક્ય પણ નથી. માત્ર મન મક્કમ કરવાથી તે જતું નથી રહેવાનું પણ થોડું મનોબળ એકઠું કરીને તેની સામે પડવાથી તમે તમારી જાતને મદદ ચોક્કસ કરી શકો છો. તમને સારું લાગે તેવી પરિસ્થિતિ સર્જાતા થોડો સમય લાગે પરંતુ એ માટે તમારે રોજ-બરોજ પ્રયત્નશીલ રહેવું પડશે અને નાની નાની હકારાત્મકતાઓ ધ્યાનમાં રાખવી પડશે. યાદ રાખો જ્યારે તમે હતાશા અનુભવતા હોવ અને તમે દ્રઢતાપૂર્વક એ હતાશાનો સામનો કરવા માનસિક રીતે તૈયાર થાવ ત્યારે ડિપ્રેશન સામેનો તમારો જંગ જીતવાના પાયા નંખાઈ જાય છે. તમારી આ માનસિક તૈયારી તમને ઝડપથી સાજા થવામાં મદદરૂપ થાય છે અને દવાઓ ઉપરનું તમારું અવલંબન ઘટાડે છે.

ડિપ્રેશનને મનની નબળાઈ તરીકે નહીં, પરંતુ એક બીમારી તરીકે સ્વીકારો. વધુમાં, ભારતમાં ખાસ કરીને યુવા વયસ્કોમાં માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ વિશે વધુ જાગૃતિ અને શિક્ષણની જરૂર છે. ડિપ્રેશનના અસરકારક નિવારણ અને ઉપચારાત્મક વ્યૂહરચના વિકસાવવા માટે યુવાનોમાં ડિપ્રેશન પર સંશોધન કરવાનું ચાલુ રાખવું મહત્ત્વપૂર્ણ છે. સરકારો, આરોગ્ય-સંભાળ પ્રદાતાઓ અને સમુદાયો માટે માનસિક સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવી અને યુવાનોને સુલભ અને સસ્તું માનસિક સ્વાસ્થ્ય સેવાઓ અને સંસાધનો પ્રદાન કરવા તે પણ અગત્યનું છે. અભ્યાસોએ દર્શાવ્યું છે કે જેઓ નાની ઉંમરે ડિપ્રેશનનો અનુભવ કરે છે તેઓ ઘણીવાર તેમના સમગ્ર જીવન દરમિયાન ડિપ્રેશન સાથે સંઘર્ષ કરે છે અને તેની પ્રારંભિક શરૂઆત પુખ્તાવસ્થા દરમિયાન વધુ ગંભીર ડિપ્રેશનની અસર કરે છે. ડિપ્રેશનના ભોગ બનતા યુવાનો ક્યારેક વ્યસનના રવાડે ચડી જતા હોય છે તે પણ ગંભીર બાબત છે.

ડિપ્રેશન સૂચવી શકે તેવા લક્ષણોમાં મુખ્યત્વે ચીડિયા અથવા ખરાબ લાગણી, થાક લાગે છે, મોટાભાગે નકામી અથવા દોષિત લાગણી, મૃત્યુ અથવા આત્મહત્યાના વિચારો આવે છે, ઊંઘવામાં તકલીફ પડવી, પ્રેરણાનો અભાવ, ખોરાકમાં રસ ગુમાવવો અથવા વધુ પડતું ખાવું, વજન ઘટાડવું અથવા વજન વધારવું, તેમના શોખમાં રસનો અભાવ, પોતાની સ્વચ્છતાનું ધ્યાન રાખતા નથી, સિગારેટ, આલ્કોહોલ અથવા ગેરકાયદેસર દવાઓનો ઉપયોગ. કેટલીકવાર ડિપ્રેશનના કોઈ સ્પષ્ટ લક્ષણો હોતા નથી, પરંતુ માતા-પિતા યુવાન લોકોમાં વર્તણૂંકીય ફેરફારો જોઈ શકે છે જે ડિપ્રેશન સૂચવે છે અને તેને અવગણવું જોઈએ નહીં. જો આ લક્ષણો અને વર્તણૂંકો બે

અઠવાડિયા કે તેથી વધુ સમય સુધી ચાલે છે, તો યુવાન વ્યક્તિને ડિપ્રેશન થઈ શકે છે.

### ડૉક્ટરને ક્યારે મળવું?

જો ડિપ્રેશનના ચિહ્નો અને લક્ષણો ચાલુ રહે, જો તમારું બાળક આત્મહત્યા કરવાનું વિચારે અથવા તો તેની સલામતી માટે તમને ચિંતા હોય તો તો તમારા બાળકના જીવનમાં દખલ કરવાનું શરૂ કરો. બાળકને સાથે રાખી પ્રશિક્ષિત ડૉક્ટર અથવા માનસિક સ્વાસ્થ્ય વ્યાવસાયિક સાથે વાત કરો. ડિપ્રેશનના લક્ષણો સંભવતઃ તેમના પોતાના પર વધુ સારા નહીં થાય અને જો સારવાર ન કરવામાં આવે તો તેઓ વધુ ખરાબ થઈ શકે છે. જો તમે હતાશાના ભોગ બનેલા હોય એમ તમને લાગે છે કે તમે હતાશ હોઈ શકો છો, અથવા તમારો કોઈ મિત્ર છે જે કદાચ હતાશ હોઈ શકે છે. તો તમે તમારા ડૉક્ટર અથવા શાળાની નર્સ જેવા આરોગ્ય અધિકારી કે સ્કૂલના કાઉન્સિલર અથવા તમારા માતા-પિતા, નજીકના મિત્ર, આધ્યાત્મિક જાણકાર વ્યક્તિ, શિક્ષક અથવા તમે વિશ્વાસ ધરાવતા અન્ય કોઈને તમારી હકીકત જણાવો.

---

(અનુસંધાન પૃષ્ઠ ૨૮ થી ચાલુ)

साधू सुंदर शाहणा सुत तया सोळाच वर्षे मिती
जी कां मूढ कुरूप तो शतवरी वर्षे असे स्वस्थिती
या दोहींत जसा मनांत रुचला तो म्यां तुतें दीधला.

હવે બેમાંથી કયો વર પસંદ કરવો? ઋષિએ ધર્મપત્નીને પૂછ્યું. સદ્‌ગુણી બાળક ફક્ત સોળ જ વરસ ભલે જીવે, એ જ કુલોદ્ધારક થશે, એમ ગણી બંને જણાંએ એ જ માગી લીધો. માર્કંડેય જેમ જેમ ઉંમરમાં ખીલતો જાય તેમ તેમ માબાપનાં વદન મ્લાન થતાં જાય. આખરે સોળ વરસ પૂરાં થયાં.

યુવાન માર્કંડેય પૂજામાં બેઠો છે. યમરાજ પોતાના પાડા પર બેસીને આવ્યા. પણ શિવલિંગને ભેટી પડેલા યુવાન સાધુને અડકવાની એમની હિંમત કેમ ચાલે? હા, ના કરતાં આખરે પાશ ફેંક્યો; ત્યાં લિંગમાંથી ત્રિશૂળધારી શિવજી પ્રગટ થયા, અને ધૃષ્ટતા માટે યમરાજને સાંભળવું પડ્યું. મૃત્યુંજય મહાદેવનાં દર્શન થયા પછી માર્કંડેયને મૃત્યુની બીક ક્યાંથી રહે? એની આયુધારા હજી વહે છે.

કૉલેજમાં ભણતો ત્યારે પરીક્ષા પછી અમારી ભાઈબીજ થતી. લણણીના દિવસો હોય, બબ્બે દિવસ મારે ખેતરમાં જ ગાળવાના હોય, ત્યારે માર્કંડી મને શકરિયાં પણ આપતી અને અમૃત જેવું પાણી પણ પાતી. રાત્રે એ ટાઢથી ધ્રૂજે છે કે શું એ જોવા હું જાઉં ત્યારે પોતાના અરીસામાં મને મૃગનક્ષત્ર બતાવતી.

આજે પણ જ્યારે જ્યારે અમારે ગામડે જાઉં છું, ત્યારે ત્યારે માર્કંડીને મળ્યા વગર રહેતો નથી. પણ હવે પહેલાંની પેઠે એ મારી સાથે ગેલ કરતી નથી. જરાક સ્મિત કરી મૌન જ ધારણ કરે છે. એના સુકુમાર વદન પર પહેલાંનું રમતિયાળ લાવણ્ય નથી જોઈ શકતો. પણ એના સ્નેહની ગંભીરતા વધી છે.

# રાજુની વીરપસલી

-ડૉ. પ્રવીણ મકવાણા 'ગાફેલ'

(શુક્રવારે રાજુ શાળાએ નથી આવતો તેનું કારણ અને એક પક્ષીની વાત ચિત્ર દ્વારા લેખકે ખૂબ સરસ રીતે આલેખી છે. આથી વાચકોને ખૂબ જ ગમશે. નરેન્દ્ર જોશીએ લખેલ ''વર્ગખંડની આસપાસ''માંથી આ પ્રેરક વાત સંકલન કરી વાચકો સમક્ષ મૂકું છું.)

તાસ પૂરો થયો. ધોરણ સાતના વર્ગશિક્ષક વર્ગખંડની બહાર આવ્યા. દાદર ઊતરતી વખતે લાગ્યું કે કોઈ પાછળ પાછળ આવે છે. સરે પાછળ જોયું.

''સર, હું શુક્રવારે નહીં આવું.''

એમના વર્ગમાં ભણતા રાજુનો અવાજ હતો. રાજુનો પ્રમાણસર મક્કમ અવાજ. વાંકડિયા વાળ. શરીરનો બાંધો ખડતલ. સરને લાગ્યું કે તેનાં ખભાઓ દફતર ઉપરાંત જિંદગીનો ભાર પણ ઉચકતાં હશે એટલે આટલાં મજબૂત છે!

સરે કહ્યું : ''શુક્રવાર તો કાલે છે; તમે રજાચિઠ્ઠી લખીને મને આપી જજો.''

''એમ નહીં સર...''

રાજુ એ નીચી નજરને કહ્યું.

સરને હવે રાજુની આંખો વાંચવી મુશ્કેલ હતી - એટલે સરે પૂછ્યું

''હા તો કહો ને - કેમ?''

રાજુની સાથે તેના શબ્દો પણ સંકોચાયા.

''સ..ર... હું દર શુક્રવારે નિશાળે નહીં આવું.''

''પણ કેમ? એ તો કહો? જો કહેવાય તેમ હોય...''

રાજુ કારણ જણાવ્યા વગર જ વર્ગમાં જતો રહ્યો. સરને લાગ્યું કે બહારથી શાંત દેખાતા રાજુની અંદર તીવ્ર વિચાર વંટોળ સર્જાયો છે. એ શમી જાય પછી કારણ જાણીશું.

સર હવે ધોરણ છમાં પ્રવેશ્યા. ધોરણ છનાં વર્ગને પતંગિયાઓની સાથે સરખાવી શકાય. રંગીન મિજાજી, માસુમ અને એકદમ ભોળો વર્ગ. ત્યાં એક છોકરી સર પાસે આવી. સરના હાથમાં ચૉકલેટ મૂકીને કહે : ''આજે મારો બર્થ ડે છે.''

''તો એમ વાત છે! સરસ ફ્રોક પહેર્યું છે ને કાંઈ.

હેપી બર્થ ડે.''

''સર આ ફરાક મારા ભાઈએ ગિફ્ટ કરેલું છે.''

''તારો ભાઈ?''

''તમારા વર્ગમાં ભણતો મારો ભાઈ - રાજુભાઈ.''

''રાજુ તારો સગો ભાઈ થાય?''

''ના સગો ભાઈ નથી - પણ સગા ભાઈ કરતા પણ વધારે સગા ભાઈ જેવો. મેં એને રાખડી બાંધી તો એણે મને આ ફરાક લઈ આપ્યું.''

(અનુસંધાન પૃષ્ઠ ૩૯ ઉપર)

# વિદ્યાર્થી આલમ

- વ્હોરા ઉઝમા

પૂર્વ વિદ્યાર્થિની, જે. એન. બાલિકા વિદ્યાલય

નમસ્તે,

મારું નામ વ્હોરા ઉઝમા, જે. એન. બાલિકા વિદ્યાલયની ભૂતપૂર્વ વિદ્યાર્થિની. મને જણાવતાં આનંદ થાય છે કે, તા. ૨૦/૭/૨૦૨૪ને શનિવારના રોજ શાળામાં આયોજિત ગુરૂવંદના અને સિદ્ધિના સન્માન કાર્યક્રમમાં મને શાળા પરિવાર તરફથી મુખ્ય મહેમાન તરીકે આવવાનું નિમંત્રણ મળ્યું. પોતાની જ શાળામાં મુખ્ય મહેમાન તરીકે જવું એથી મોટી વાત મારા માટે શું હોઈ શકે.. શાળાના આચાર્યશ્રી કમલેશભાઈ, ડાયરેક્ટર શ્રી કે. ડી. પટેલ સાહેબ અને શિક્ષકગણ તરફથી મળેલ આવકાર તેમજ શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા આટલા પ્રેમથી થયેલ સ્વાગત બાદ હું ભાવવિભોર બની હતી. વિદ્યાર્થિનીઓમાં શાળા અને શિક્ષકો પ્રત્યેનો આદર અને ભણતર વિશેની ઉત્સુકતા જોઈ ખૂબ જ ખુશી થઈ. જે શાળા અને શિક્ષકોએ મારા ઘડતરમાં અમૂલ્ય ફાળો આપ્યો હતો અને જે કંઈ પરિવર્તન હું મારા જીવનમાં લાવી શકી તેનાં અનુભવો વિદ્યાર્થિનીઓ સાથે શબ્દોરૂપી વહેંચવા એ મારા માટે અમૂલ્ય ક્ષણો રહી. કાર્યક્રમનું આટલું સુંદર સંચાલન જોઈ મને મારા શાળાનાં દિવસો યાદ આવી ગયા. જ્યારે હું સહમંત્રી હતી અને આ જ રીતે અમે કાર્યક્રમનું આયોજન અને સંચાલન કરતા હતા. આ દિવસનાં આટલા સુંદર અનુભવ બાદ હું હંમેશા આતુર રહીશ કે શાળાની પ્રવૃત્તિઓ, કાર્યક્રમો અને મૂલ્યશિક્ષણ જેવા વિદ્યાર્થિનીઓ માટે થતા પ્રયત્નોમાં મારા અનુભવ અને કૌશલ્ય મુજબ હું સક્રિયપણે ફાળો આપી શકું, તેની હું ખાતરી આપું છું. ફરીવાર શાળાની મુલાકાત બાદ તે ચોક્કસપણે સ્વીકારવું રહ્યું કે શાળા અને શિક્ષકોનું સ્થાન કદાચ ક્યારેય કોઈ ટેક્નોલૉજી ન લઈ શકે.

આભાર. - વ્હોરા ઉઝમા

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૮ થી ચાલુ)

સરને થયું કે રાજુની અધૂરી વાતનો ઉકેલ અહીંથી મળશે.

''અચ્છા, તો તારો ભાઈ રાજુ દર શુક્રવારે ક્યાં ચાલ્યો જાય છે?''

''એ છે ને... દર શુક્રવારે ગુર્જરી બજારમાં જાય છે. ત્યાં કપડાંનો મોટ્ટો ઢગલો કરે છે અને વેચે છે.''

રાજુની મૂંઝવણ સર સમજી ગયા. સરે એ જોયું તો પેલી છોકરીના ફ્રોક પર આસમાની રંગમાં એક સરસ ચિત્ર દોર્યું હતું. જે ચિત્રમાં એક પિંજર હતું. પિંજરનું બારણું ખુલ્લું હતું. ઘણાં પક્ષીઓ આસમાનમાં ઊડી રહ્યાં હતાં.

પણ...

માત્ર એક જ પક્ષી પિંજરમાં કેદ હતું!

❀ ❀ ❀

એક સારો શિક્ષક જ્યારે જીવનનો પાઠ ભણાવે છે ત્યારે તેને કોઈ મટાડી નથી શકતું.

❀ ❀ ❀

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**માધ્યમિક શિક્ષણ બોર્ડના પૂરક પરીક્ષાના પરિણામો :**

ધોરણ-૧૦નું ૨૮.૨૯, ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહનું ૩૦.૪૮ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૪૯.૨૬ ટકા પરિણામ.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જૂન-જુલાઈ-૨૦૨૪ માસ દરમિયાન લેવાયેલી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયું છે. પ્રથમવાર બોર્ડ દ્વારા ત્રણેય પરિણામ એક સાથે જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ધોરણ ૧૦નું ૨૮.૨૯ ટકા, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૩૦.૪૮ ટકા અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૪૯.૨૬ ટકા પરિણામ રહ્યું છે. ગયા વર્ષ કરતા ધોરણ-૧૦નું પરિણામ ૧.૬૪ ટકા અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૬.૬૨ ટકા વધ્યું છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૧૦.૪૧ ટકા ઘટ્યું છે.

આ વર્ષે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની માર્ચની મુખ્ય જાહેર બોર્ડ પરીક્ષામાં ત્રણેય ધોરણના પરિણામો ખૂબ જ ઊંચા અને રેકોર્ડ બ્રેક આવ્યા હતા. જેના લીધે જુલાઈ માસમાં લેવાયેલી પૂરક પરીક્ષા માટે વિદ્યાર્થીઓ ઘટ્યા છે. ધોરણ-૧૦માં આ વર્ષે પણ છોકરાઓ કરતા છોકરીઓનું પ્રમાણ વધુ હતું.

**ધોરણ-૧૦નું પરિણામ**

| જાતિ | નોંધાયા | ઉપસ્થિત | પાસ | ટકા |
|---|---|---|---|---|
| કુમાર | ૭૫૨૨૮ | ૬૫૭૩૭ | ૧૬૯૪૩ | ૨૫.૭૭ |
| કન્યા | ૫૩૧૦૯ | ૩૮૬૯૨ | ૧૨૫૯૯ | ૩૨.૫૬ |
| કુલ | ૧૨૮૩૩૭ | ૧૦૪૪૨૯ | ૨૯૫૪૨ | ૨૮.૨૯ |

**ધોરણ-૧૨વિજ્ઞાન પ્રવાહનું પરિણામ**

| ગ્રૂપ | નોંધાયા | ઉપસ્થિત | પાસ | ટકા |
|---|---|---|---|---|
| એ | ૫૬૧૯ | ૫૫૮૮ | ૧૮૭૪ | ૩૩.૫૪ |
| બી | ૨૧૩૦૨ | ૨૧૧૨૨ | ૬૨૬૬ | ૨૯.૬૭ |
| એ બી | ૦૬ | ૦૬ | ૦૩ | ૫૦.૦૦ |

**ધોરણ-૧૨સામાન્ય પ્રવાહનું પરિણામ**

| જાતિ | નોંધાયા | ઉપસ્થિત | પાસ | ટકા |
|---|---|---|---|---|
| કુમાર | ૩૪૬૧૭ | ૩૧૧૯૮ | ૧૪૫૧૭ | ૪૬.૫૩ |
| કન્યા | ૨૧૮૪૨ | ૧૭૯૨૪ | ૯૬૭૯ | ૫૪.૦૦ |
| કુલ | ૫૬૪૫૯ | ૪૯૧૨૨ | ૨૬૧૯૬ | ૪૯.૨૬ |

આમ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર થયેલ પરિણામમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં ૩૨ હજાર (બત્રીસ હજાર)થી વધુ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

**નવી ભરતીમાં વ્યાયામ અને ચિત્ર શિક્ષકની ખાલી જગા પણ ભરવામાં આવશે.**

ગુજરાત સરકારે સરકારી-ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકો માટે થનારી નવી ભરતીમાં વ્યાયામ, કમ્પ્યૂટર, ચિત્ર અને સંગીત જેવા વિષયોની ખાલી જગ્યાઓ પર શિક્ષકોની ભરતી કરવાની જાહેરાત કરી છે. આ નવી ભરતીમાં કુલ ૨૪૭૦૦ જેટલા શિક્ષકોની ભરતી થશે. જેમાં ૭૫૦૦ જેટલા શિક્ષક સહાયકોની ભરતી કરવામાં આવનાર છે.

**સરકારી માધ્યમિક શાળાઓમાં આચાર્યની ૩૦૧ જગા મંજૂર**

સરકારે રાજ્યની બિનઆદિજાતિ વિસ્તારની સરકારી માધ્યમિક શાળાઓમાં આચાર્ય વર્ગ-૨ની કુલ ૩૦૧ નવી જગ્યાઓ ઊભી કરવાની જોગવાઈ બજેટમાં કર્યા બાદ વિધિવત્ રીતે મંજૂરી આપતો ઠરાવ કર્યો છે. આ નવી જગાના મહેકમ માટે રૂપિયા ૨૫.૪૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ઉપરાંત આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવા ઠરાવમાં આદેશ કરાયો છે. આ નવી જગ્યાઓમાં અમદાવાદ જિલ્લાની ૧૨ સરકારી માધ્યમિક શાળાઓ છે. જ્યારે સૌથી વધુ ૫૫ (પંચાવન) શાળાઓ કચ્છ જિલ્લાની છે.

**C.A. - સી.એ. ફાઈનલનું ૧૯.૮૮ ટકા પરિણામ અમદાવાદની વિદ્યાર્થિની ટોપ-૧૦માં**

આઈસીએઆઈ દ્વારા ગત મે-જૂન-૨૦૨૪માં લેવાયેલી સીએ ફાઈનલ અને ઈન્ટરમીડિએટની પરીક્ષાઓનું પરિણામ જાહેર થયું છે. જેમાં સી.એ. ફાઈનલનું સમગ્ર દેશનું ૧૯.૮૮ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે અમદાવાદ ચેપટરનું ૨૦.૨૨ ટકા પરિણામ રહ્યું છે. અમદાવાદના ત્રણ (૩) વિદ્યાર્થીએ દેશના ટોપ ૫૦ રેન્કમાં સ્થાન મેળવ્યું છે. જેમાં એક વિદ્યાર્થિનીએ દેશના ટોપ ૧૦માં સ્થાન મેળવ્યું છે. સી.એ. ઈન્ટરમીડિએટનું સમગ્ર દેશનું ૧૮.૪૨ ટકા પરિણામ આવ્યું છે. ઈન્ટરમીડિએટમાં અમદાવાદના એક વિદ્યાર્થીએ દેશના ટોપ ૫૦ રેન્કમાં સ્થાન મેળવ્યું છે.

સી.એ. ફાઈનલમાં અમદાવાદના ત્રણ વિદ્યાર્થી દેશના ટોપ-૫૦માં આવ્યા છે. જેમાં અકશા મોહમ્મદફારૂક મેમણે ૭-મો રેન્ક મેળવ્યો છે. શુભમ્ ધર્મેશકુમાર મખેચાએ ૩૬-મો રેન્ક અને ધ્રૃવાંગ જયેશકુમાર શાહે ૩૯મો રેન્ક મેળવ્યો છે.

જ્યારે ઈન્ટરમીડિએટમાં અમદાવાદ સેન્ટરના એક વિદ્યાર્થીએ દેશના ટોપ-૫૦ રેન્કમાં સ્થાન મેળવ્યું છે. જ્યારે હેત હિરેનકુમારે પંચાલે દેશમાં ૩૯મો રેન્ક મેળવ્યો છે.

સી.એ. ફાઈનલની પરીક્ષા બાદ બોથ ગ્રૂપમાં અને વિવિધ ગ્રૂપ પાસ કરીને ૨૦૪૪૬ વિદ્યાર્થીઓ સી.એ. ની ડીગ્રી માટે ક્વોલિફાય થયા છે.

**ધોરણ ૯ થી ૧૨માં શિક્ષણ સહાયકની ભરતી માટે નવા નિયમો જાહેર થયા.**

ગુજરાત રાજ્યની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી માટેના નવા નિયમો સાથેનું નોટિફિકેશન શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. જે

મુજબ હવે ટાટ (ટીચર્સ એપ્ટિટ્યુડ ટેસ્ટ)ના જ માર્કસના આધારે સંપૂર્ણ ભરતી થશે. ટાટ પરીક્ષામાં જે ઉમેદવારોને ૬૦ ટકા માર્કસ હશે તે માધ્યમિકમાં શિક્ષણ સહાયક માટે લાયક ગણાશે. સિલેકશન કમિટી દ્વારા કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા થશે. આ કમિટીમાં ચેરમેન કમિશનર ઑફ સ્કૂલ રહેશે. તેમજ અન્ય ચાર મેમ્બરો તેમજ એક મેમ્બર સેક્રટરી સહિત છ સભ્યો રહેશે. કમિટી દ્વારા લાયક ઉમેદવારોની અરજીના આધારે ત્રણ લિસ્ટ બનાવાશે. જેમાં એક લાયક ઉમેદવારોનું લિસ્ટ, એક વેઈટિંગ લિસ્ટ અને એક ગેરલાયક ઉમેદવારોનું લિસ્ટ તૈયાર કરીને પરિણામ સાથે વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. ૨૦ ટકા ઉમેદવારોનું લિસ્ટ વેઈટિંગ લિસ્ટ રહેશે. અગાઉ ૨૦૧૭માં પ્રાયમરીમાં વિદ્યાસહાયક માટેની ભરતીના નિયમો જાહેર કર્યા હતા.

**ટૂંકાવીને**

- ગુજરાતમાં ૧૦ થી વધુ સરકારી કૉલેજોમાં આચાર્યની જગ્યા ખાલી.
- દસ ટકાથી વધુ કૉલેજો ઈન્ચાર્જ આચાર્યથી ચાલે છે.
- બી.ટેક. અને એમબીએ (MBA) સહિતના કોર્સમાં આ વર્ષે શરૂ થયેલી નવી અગિયાર (૧૧) ટેકનિકલ કૉલેજોની રૂપિયા-પાંત્રીસ હજારથી ૧.૦૫ લાખ સુધીની ફી મંજૂર
- ગ્રાન્ટ-ફેકલ્ટીના અભાવે બંધ થઈ રહેલી ગ્રાન્ટેડ કૉલેજોને બચાવવા ગુજરાત યુનિવર્સિટી દ્વારા ખાનગી અભ્યાસક્રમોની યોજના.
- ૫૬૧૨ સરકારી શાળાઓ બંધ થઈ.
- ૧૬૫૭ સરકારી શાળામાં એક જ શિક્ષક
- જ્યારે ૩૪૧ શાળામાં એક જ ઓરડો!!!
- રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકે ભરતી કરવા માટેની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે.
- ટેકનિકલ ખાનગી કૉલેજોમાં વર્કિંગ પ્રોફેશનલ્સ માટે ૫૦ ટકા ફી રહેશે.
- હયાત કૉલેજોમાં B.S. કોર્સ અલગથી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે.

❀ ❀ ❀

આપણી પ્રવૃત્તિઓ સૌને ગમે અને બધા વખાણે એવું લગભગ અશક્ય છે. પણ જો આપણી પ્રવૃત્તિઓ સકારાત્મક હોય અને આપણા મનને વિશુદ્ધ આનંદ આપતી હોય તો કોઈપણ માણસો વખાણ કરે કે નિંદા કરે તેઓની પરવા કર્યા વિના આપણે સકારાત્મક પ્રવૃત્તિઓ ચાલુ રાખવી જોઈએ. સકારાત્મક પ્રવૃત્તિઓ સકારાત્મક ઊર્જા પેદા કરે છે અને વિશિષ્ટ મહાનુભાવો તેમજ પ્રેરણાદાયી પુસ્તકો સાથે ભેટ કરાવે છે. કોઈપણ મહાપુરુષોના જીવન વિશે જાણીએ તો મહાન મહાનુભાવોની મુલાકાત કે પ્રેરણાદાયી પુસ્તકોએ તેઓનું જીવન ઘડવામાં અસાધારણ પ્રદાન આપ્યું હોય છે. ખોટાબોલા, ટીકાકાર, વ્યસની, જશપ્રિય અને વાંચનના શોખ વિનાના માણસોની મિત્રતા કરવામાં જાગૃતિ અને વિવેક રાખવો ખૂબ જ જરૂરી છે.

**- ડૉ. ભાણજી સોમૈયા**

❀ ❀ ❀

સરસ્વતી વિદ્યામંડળ, શ્રીમતી જશીબહેન નાયક શિક્ષણ સંકુલ, અસારવા કેમ્પસની શાળાઓમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં સારસ્વતશ્રી હસીતભાઈ શાહ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે બાળકો દ્વારા દાંડીકૂચ નાટકની સુંદર રજૂઆત કરવામાં આવી.















ઘરશાળા
સપ્ટેમ્બર-૨૦૨૪

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1509 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH   છૂટક કિંમત : રૂ. ૨૫/- ● વાર્ષિક લવાજમ : રૂ. ૨૫૦/-

## ॥ गुरुपादुकास्तोत्रम् ॥

अनन्तसंसारसमुद्रतारनौकायिताभ्यां गुरुभक्तिदाभ्याम् ।
वैराग्यसाम्राज्यदपूजनाभ्यां नमो नमः श्रीगुरुपादुकाभ्याम् ॥१॥

कवित्ववाराशिनिशाकराभ्यां दौर्भाग्यदावाम्बुदमालिकाभ्याम् ।
दूरीकृतानम्रविपत्तिताभ्यां नमो नमः श्रीगुरुपादुकाभ्याम् ॥२॥

नता ययोः श्रीपतितां समीयुः कदाचिदप्याशु दरिद्रवर्याः ।
मूकाश्च वाचस्पतितां हि ताभ्यां नमो नमः श्रीगुरुपादुकाभ्याम् ॥३॥

नालीकनीकाशपदाहृताभ्यां नानाविमोहादिनिवारिकाभ्याम् ।
नमज्जनाभीष्टततिप्रदाभ्यां नमो नमः श्रीगुरुपादुकाभ्याम् ॥४॥

नृपालिमौलिव्रजरत्नकान्तिसरिद्विराजज्झषकन्यकाभ्याम् ।
नृपत्वदाभ्यां नतलोकपङ्क्तेः नमो नमः श्रीगुरुपादुकाभ्याम् ॥५॥

पापान्धकारार्कपरम्पराभ्यां तापत्रयाहीन्द्रखगेश्वराभ्याम् ।
जाड्याब्धिसंशोषणवाडवाभ्यां नमो नमः श्रीगुरुपादुकाभ्याम् ॥६॥

शमादिषट्कप्रदवैभवाभ्यां समाधिदानव्रतदीक्षिताभ्याम् ।
रमाधवाङ्घ्रिस्थिरभक्तिदाभ्यां नमो नमः श्रीगुरुपादुकाभ्याम् ॥७॥

स्वार्चापराणामखिलेष्टदाभ्यां स्वाहासहायाक्षधुरन्धराभ्याम् ।
स्वान्ताच्छभावप्रदपूजनाभ्यां नमो नमः श्रीगुरुपादुकाभ्याम् ॥८॥

कामादिसर्पव्रजगारुडाभ्यां विवेकवैराग्यनिधिप्रदाभ्याम् ।
बोधप्रदाभ्यां द्रुतमोक्षदाभ्यां नमो नमः श्रीगुरुपादुकाभ्याम् ॥९॥

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૬૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૫૫૨૩૭માં પ્રકાશિત કર્યું